આજનો સુવિચાર

જીવનમાં જ્યારે તમારી પાસે કંઈ જ બચ્યું ના હોય, ત્યારે પણ તમારી પાસે ભવિષ્ય તો હોય જ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક
જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૩ જૂનાગઢ તા.૩-૬-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 143, Junagadh : Date : 3 Jun, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

દેશની સૌથી ભીષણ ટ્રેન દુર્ઘટનામાં ૨૮૮ જીંદગી હોમાઈ : ૯૦૦ ઘાયલ



બાલાસોર /નવી દિલ્હી તા. ૩ : ગત સાંજે ઓરીસ્સાનાં બાલાસોર ખાતે સર્જાયેલ દેશની સૌથી ભીષણ ટ્રેન દુર્ઘટનામાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત વિગત મુજબ ૨૮૮ લોકોનાં મોત થયા છે અને ૯૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે.

ત્રણ ટ્રેનો વચ્ચે થયેલી ટકકર એટલી ભયાનક હતી કે, સમગ્ર દેશમાં આઘાત અને સન્નાટો મચી ગયો છે. સુત્રોનાં જણાવ્યા મુજબ હજુ પણ મૃત્યુઆંક વધી શકે છે. અકસ્માતનાં ૨૦ કલાક બાદ પણ ઘટના સ્થળેથી શબો બહાર કાઢવાની કાર્યવાહી ચાલી રહી છે. ૪૦ ડીગ્રીથી વધુ તાપમાનમાં એનડીઆરએફ અને આર્મીનાં જવાનો યુધ્ધના ધોરણે બચાવ કામગીરી કરી રહયા છે આ ટ્રેન દુર્ઘટનાને પગલે આ રૂટ પરની ૪૮ ટ્રેનો રદ કરવામાં આવી છે. જયારે ૩૯ ટ્રેનોનાં રૂટ બદલવામાં આવ્યા છે. દરમ્યાન આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ આ ભયાક ટ્રેન દુર્ઘટનાને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં અધ્યક્ષ સ્થાને આપાતકાલીન સમિક્ષા બેઠક યોજાઈ હતી જેમાં સમગ્ર દુર્ઘટના અંગેની વિગતો મેળવવામાં આવી હતી. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, એનડીઆરએફનાં ડીજી તેમજ અન્ય વરીષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. સુત્રોનાં જણાવ્યા મુજબ વડાપ્રધાન મોદી બાલાસોર ખાતે દુર્ઘટના સ્થળની મુલાકાત લેવા નવી દિલ્હીથી રવાના થઈ ગયા છે. જયારે ઓરીસ્સાનાં મુખ્યમંત્રી નવિન પટનાયક, પ.બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ દુર્ઘટના સ્થળે પહોંચી ગયા છે. આ ભયાનક ટ્રેન અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી મુકયો છે.

નવી દિલ્હી ખાતે ઈમરજન્સી સમિક્ષા બેઠક બોલાવ્યા બાદ વડાપ્રધાન મોદી દુર્ઘટના સ્થળની મુલાકાત લેવા રવાના : ઓરીસ્સાનાં મુખ્યમંત્રી નવિન પટનાયક, પ.બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી, કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ ઘટના સ્થળે પહોંચ્યા : અકસ્માતનાં ૨૦ કલાક બાદ પણ બચાવ કામગીરી ચાલુ : ઘટના સ્થળે ૨૦૦ એમ્બ્યુલન્સ તૈનાત : ૪૦ ડીગ્રી ગરમીમાં એનડીઆરએફ, આર્મી સહિતની ટીમો દ્વારા બચાવ કામગીરી

ઓરીસ્સાના બાલાસોરમાં શુક્રવારે સાંજે સર્જાયેલ ગમખ્વાર ટ્રેન દુર્ઘટનામાં ૨૮૮ લોકોનાં મોત થયાં હતાં. આ અકસ્માતમાં ૯૦૦થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. રેલવેના જણાવ્યા અનુસાર, ૯૦૦થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ અકસ્માત બાલાસોરના બહનગા બજાર સ્ટેશન પાસે સાંજે લગભગ ૭ વાગે થયો હતો. રેલવેના જણાવ્યા અનુસાર, કોલકાતા-ચેન્નઈ કોરોમંડલ એકસપ્રેસ અને યશવંતપુર-હાવડા એકસપ્રેસ બહનગા સ્ટેશન પાસે પાટા પરથી ઊતરી ગઈ હતી. આ પછી કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેન નજીકના ટ્રેકપર ઊભી રહેલી માલગાડી સાથે અથડાઈ ગઈ હતી.

રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કેઆ પહેલાં યશવંતપુર-હાવડા એક્સપ્રેસ પાટા પરથી ઊતરી ગઈ હતી. તેના કેટલાક કોચ બીજા ટ્રેક પર પલટી ગયા અને બીજી બાજુથી આવતી શાલિમાર-ચેન્નઈ કોરોમંડલ એક્સપ્રેસ સાથે અથડાઈ હતી. આ પછી કોરોમંડલ ટ્રેનની કેટલીક બોગી પણ પાટા પરથી ઊતરી ગઈ હતી. આ બોગી અન્ય ટ્રેક પર માલગાડી સાથે અથડાઈ હતી. કેટલીક બોગી માલગાડીની ઉપર ચઢી ગઈ હતી.

દેશનાં નજીકના ભૂતકાળમાં સૌથી ભયાનક પૈકીના એક એવા ઓરીસ્સાના બાલાસોર નજીક સર્જાયેલા ટ્રીપલ ટ્રેન અકસ્માતનો મૃત્યુઆંક ૨૮૮ થયો છે અને ૯૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. સમગ્ર દેશમાં શોકનું મોજુ ફરી વળવા સાથે આઘાત સર્જાયો છે. રેલ્વેપ્રધાન અશ્વીની વૈષ્ણવ તથા ઓરીસ્સાના મુખ્યપ્રધાન નવીન પટનાયક સહિતના નેતાઓ દુર્ઘટના સ્થળે પહોંચ્યા હતા અને રાહત-બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. મૃતકો તથા ઈજાગ્રસ્તો માટે આર્થિક સહાય પણ જાહેર કરવામાં આવી હતી.

ઓરીસ્સાના બાલાસોરમાં ગઈ સાંજે હાવડા એકસપ્રેસ, માલગાડી તથા શાલીમારથી ચેન્નાઈ જતી કોરોમંડલ એકસપ્રેસ વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો તેના ૨૦ કલાક પછી હજુ રાહત બચાવ કામગીરી ચાલુ છે. ઓરીસ્સાના મુખ્ય સચીવ પ્રદીપ જેનાએ કહ્યું કે આજે સવારની સ્થિતિએ મૃતકોની સંખ્યા ૨૮૮ પર પહોંચી ગઈ છે અને ૯૦૦થી વધુ લોકો ઘાયલ છે. દુર્ઘટનાસ્થળે રાહત બચાવ કામગીરી માટે એનડીઆરએફની ૩ ટીમો, એસટીઆરએફની ૪ ટીમો, ફાયરબ્રિગેડની ૨૨ ટીમો કાર્યરત છે.

સૈન્યના જવાનોને પણ મોડીરાત્રે કોલકતાથી મોકલવામાં આવ્યા હતા અને બચાવ કાર્યમાં સામેલ કરવામાં આવ્યા હતા. કેન્દ્રના રેલવેપ્રધાન અશ્વીની વૈષ્ણવ દુર્ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે સમગ્ર તંત્રનું ફોકસ બચાવ અને રાહતકાર્ય પર જ છે જે સંપૂર્ણ પુર્ણ થયા બાદ જ રીપેરીંગ સહિતની અન્ય પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ટ્રેનની બોગીઓમાં હજુ મુસાફરોના મૃતદેહો ફસાયેલા છે જે બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે. ઈજાગ્રસ્તોને યોગ્ય સારવારની પણ પ્રાથમીકતા છે.

તેઓએ સમગ્ર દુર્ઘટનાની ઉંડી ઉચ્ચસ્તરીય તપાસનો આદેશ કર્યો હતો. ઉચ્ચસ્તરીય તપાસ કમીટીનું આ માટે ગઠન કરવામાં આવ્યું છે. ઉપરાંત રેલવેના સેફટી કમિશ્નર પણ ઘટનાસ્થળે રૂબરૂ જઈને દુર્ઘટનાના કારણની ચકાસણી કરશે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ કોલકતાનો પ્રવાસ અધવચ્ચે ટુંકાવીને દુર્ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને રાહત-બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને રાજયમાં એક દિવસના શોકનું એલાન કર્યુ હતું.

આજના દિવસે કોઈ ઉજવણીના કાર્યક્રમો નહીં કરવાનું જાહેર કર્યુ હતું. ભાજપ દ્વારા પણ તમામ કાર્યક્રમો રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. દુર્ઘટનાને પગલે રેલવેતંત્ર તથા રાજય સરકારદ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

ઓરીસ્સામાં ત્રણ ટ્રેનો સર્જાયેલા ભયાનક અકસ્માતના દશ્યો હચમચાવી નાખનારા છે. હાઈવે પર અનેક વાહનો વચ્ચે અકસ્માત થાય અને વાહનો વેરવિખેર પડયા હોય તેમ ત્રાણેય ટ્રેનના ડબ્બા ચિથરેહાલ હતા. ડબ્બાઓની બારીઓ જ તૂટી ગઈ હતી. તેમાંથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા હતા તેની હૃદય હચમચાવનારી તસ્વીરોએ લોકોને વિચલીત કરી દીધા છે.

ઓરીસ્સામાં ત્રણ ટ્રેનો વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં સરકાર દ્વારા આર્થિક સહાય જાહેર કરવામાં આવી છે. અકસ્માતનો ભોગ બનેલા પ્રવાસીના પરિવારજનોને રૂા.૧૦ લાખની સહાય અપાશે. જયારે ગંભીર રીતે ઘાયલ પ્રવાસીઓને બે લાખ તથા સામાન્ય ઈજા પામનારા મુસાફરોને ૫૦૦૦૦ની સહાય જાહેર કરવામાં આવી છે.

મુસાફરોએ આપવિતી વર્ણવી

ભુવનેશ્વર તા. ૩

એક મુસાફરે જણાવ્યું હતું કે અમે જીપ કોચમાં બેઠા હતા અને અકસ્માત થયો ત્યારે હું સૂઈ રહ્યો હતો. જોરદાર અવાજથી હું જાગી ગયો. મેં જોયું કે ટ્રેન પલટી ગઈ. મારી સીટ ઉપરના માળે હતી, હું ત્યાં પંખો પકડીને બેઠો હતો. ટ્રેનમાં નાસભાગ મચી ગઈ હતી. લોકો બચાવો બચાવો બૂમો પાડી રહ્યા હતા. ત્યાર બાદ પેન્ટ્રી કારમાં આગ લાગી હતી. જ્યારે અમે બીજી તરફ દોડ્યા તો જોયું કે ત્યાં હાથ વગરના, પગ વગરના મૃત લોકો પડેલા હતા. ત્યાં સુધી કોઈ બહારની વ્યક્તિ મદદ માટે આવી ન હતી. ટ્રેનમાંથી ઊતરીને લોકો એકબીજાને મદદ કરી રહ્યા હતા. સારી વાત એ હતી કે અમારી સીટ નીચે એક ૨ વર્ષનું બાળક હતું, જે એકદમ સુરક્ષિત હતું. અમે તેના પરિવારને બચાવવામાં મદદ કરી હતી. અન્ય એક મુસાફરે જણાવ્યું, હું ટ્રેનમાં સૂઈ ગયો હતો. ત્યાર બાદ ટ્રેન પલટી ગઈ હતી. હું એક આંચકાથી જાગી ગયો. હું રિઝર્વ કોચમાં હતો, પરંતુ તે સામાન્ય કોચની જેમ લોકોથી ભરેલી હતી. જ્યારે મેં મારી આંખ ખોલી તો મેં જોયું કે મારી ઉપર ૧૦-૧૨ લોકો પડ્યા હતા. જ્યારે હું ટ્રેનમાંથી ઊતર્યો ત્યારે જોયું કે કોઈનો હાથ નહોતો, કોઈનો પગ નહોતો. કોઈનો ચહેરો બગડી ગયો છે. મને મારા હાથ અને ગરદનનાં ભાગે ઈજા થઈ હતી.

જૂનાગઢમાં પર્સનલ / ગ્રુપ ટયુશન

ધોરણ ૧૧-૧૨ બાયોલોજી

(ગુજરાત બોર્ડ / NEET)
અંગ્રેજી / ગુજરાતી માધ્યમ

પર્સનલ ગ્રુપ ટયુશન લેવા માટે મળો

સંપર્ક

વિધાન દવે સર બાયોલોજી નિષ્ણાંત
Mob. 78598 73034

ફલેટ વેચવાનો છે

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફલેટ કસમાં વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે

:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮

મકાન વેચવાનું છે

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૫૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પદ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

Dr Dhaval Sanghavi's
Immunita Plus

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે,
નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ભગવાન જગન્નાથજીના મોસાળાની તૈયારી પુરજોશમાં

અમદાવાદમાં ૧૪૬મી રથયાત્રાની તૈયારીઓ હવે પૂર્ણતાના આરે

અમદાવાદ,તા.૩

અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રાને લઈ પુરજોશમાં તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. રથયાત્રાને લઈને મોસાળવાસીઓ પણ હવે ભાવવિભોર બનીને ભગવાનના મોસાળ પધારવાની રાહ જોઈ રહ્યા છે. આ વર્ષે ૧૪૬મી રથયાત્રાના યજમાન ઘનશ્યામ પટેલ બન્યા છે. છેલ્લાં ૧૦ વર્ષથી તેઓ યજમાન બનવાની રાહ જોતા હતા. આ વર્ષે શાયોના ગ્રૂપના યજમાનનું ડ્રોમાં નામ ખૂલતાં પરિવારમાં આનંદનો માહોલ છે અને હવે શાનદાર મોસાળું કરવાની ભવ્ય તૈયારીઓ પૂર્ણતાના આરે છે.

ભગવાનના વાઘા દર વર્ષે અલગ અલગ થીમ પર તૈયાર થાય છે. આ વર્ષે મરુન, પીળા રંગમાં હેન્ડવર્કથી વાઘામાં મોરની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. મામેરું ભવ્ય શોભાયાત્રા સાથે નીકળશે. જેમાં ૧૫ હાથી આગળ રહેશે અને હેલિકોપ્ટર દ્વારા ફૂલ વર્ષા કરાશે. કનૈયા જશોદાની થીમ પર મામેરું તૈયાર કરાયું છે. શોભાયાત્રા માટે આ થીમ પર ડ્રેસકોડ રહેશે. જેના માટે ૪,૦૦૦ સાડી અને ૨,૦૦૦ ડ્રેસ તૈયાર કરાયા છે. ૭૦૦ ઝભ્ભા અને ૭૦૦ સાડી સાથે કનૈયા અને જશોદા તૈયાર થશે. આ વર્ષે કુલ નવ યજમાનનાં નામ વચ્ચે ભગવાનજગન્નાથજીના મોસાળા

હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા, ૧૫ હાથી સાથે ભવ્ય શોભાયાત્રા કાઢી ભગવાનનું મામેરૂં ભરાશે

માટે ડ્રો થયો હતો. જેમાં શાયોના ગ્રૂપના ઘનશ્યામ પટેલ ડ્રો દ્વારા ચિઠ્ઠીમાં યજમાન તરીકે જાહેર થયા હતા. મામેરું કરવા માટે યજમાનો વર્ષોથી રાહ જોતા હોય છે. યજમાન બનવા માટે બુકિંગ પણ એડ્વાન્સ થતાં હોય છે. સરસપુર રણછોડરાય મંદિરના ટ્રસ્ટીએ જણાવ્યુંહતું કે, ભગવાન જગન્નાથની ૧૪૬ મી રથયાત્રામાં ભગવાનના મામેરા માટે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. મંદિરમાં ટ્રસ્ટીઓની હાજરીમાં એકનાની દીકરી દ્વારા તમામ યજમાનોનાં નામની ચિઠ્ઠીમાંથી એક ચિઠ્ઠી ઉપાડાવી અને ડ્રો કરવામાં આવ્યો હતો.ભગવાન જગન્નાથની ૧૪૬ મી રથયાત્રામાં ૭૨ વર્ષ પછી ભગવાન જગન્નાથ માટે નવા રથ બનાવવામાં આવ્યા છે. જેનું મુખ્ય કારણ ૨૧ કિલોમીટરની રથયાત્રા દરમિયાન પરત ફરતી વખતે યાત્રા માણેકચોકમાં ચાંલ્લા ઓળમાંથી નીકળે છે. જ્યાં ચાંલ્લા ઓળના ખૂણા અને સાંકડી ગલીના કારણે રથને વાળવામાં મુશ્કેલી પડતી હોવાના કારણે નવા રથ બનાવવામાં આવ્યા છે. નવા બનાવવામાં આવેલા રથ જગન્નાથ પુરીના રથ જેવા જ લાગે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ રથને જગન્નાથ પુરીના રથના કલર જેવા જ કલરથી રંગવામાં આવ્યા છે. આ વખતે રથનો આગળનો ભાગ થોડોક મોટો રાખવામાં આવ્યો છે. રથના આગળનો ભાગ એવી રીતે બનાવવામાં આવ્યો છે કે, લોકો નીચેથી સ્પષ્ટ રીતે ભગવાનનાં દર્શન કરી શકે. આ રથયાત્રાની પહિંદવિધિ મુખ્યપ્રધાન દ્વારા કરવામાં આવશે ત્યારે તેમને નીચા નમવામાં વધુ મુશ્કેલી ન પડે તેનું પણ ધ્યાન રથની બનાવટમાં રાખવામાં આવ્યું છે.

ગુજરાતમાં સ્થપાશે દેશની પ્રથમ લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ઘડાયેલી નવી ઈલેક્ટ્રોનિક્સ પોલિસીની ફલશ્રુતિ રૂપે ગુજરાત સરકાર અને ટાટા ગૃપ વચ્ચે MoU સંપન્ન થયા

પ્રથમ તબક્કે રૂા.૧૩ હજાર કરોડના રોકાણ સાથે ૨૦ ગીગાવોટનો પ્લાન્ટ સ્થપાશે : ૧૩ હજાર જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મળશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત દેશમાં લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગનું અગ્રણી રાજ્ય બનવા સજ્જ થયું છે. આ હેતુસર લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરીની સ્થાપના માટે ગુજરાત સરકાર અને ટાટા ગૃપ વચ્ચે ગાંધીનગરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં MoU સંપન્ન થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ઘડાયેલી નવી ઈલેક્ટ્રોનિકસ પોલિસીની ફલશ્રુતિ રૂપે આ MoU કરવામાં આવ્યા છે. ટાટા ગૃપની સબસીડીયરી કંપની અગ્રતાસ એનર્જી સ્ટોરેજ સોલ્યુશન પ્રાયવેટ લિમિટેડના CEO અને ગુજરાત સરકારના સાયન્સ ટેકનોલોજી સચિવ વિજય નહેરાએ આ MoU ઉપર હસ્તાક્ષર કરી મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં MoUની પરસ્પર આપ-લે કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૩૦ સુધીમાં દેશમાં ૫૦ ટકા કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા તથા ૧૦૦ ટકા ઈલેક્ટ્રીક વાહન ઉપયોગનું જે લક્ષ્ય રાખ્યું છે તેને સાકાર કરવા ગુજરાતે આ ગીગા ફેક્ટરીની સ્થાપનાના MoU થી નવી દિશા આપી છે. ગીગા ફેક્ટરી ભારતમાં આ પ્રકારનો પ્રથમ લિથિયમ આયન સેલ ઉત્પાદન પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત કરશે. એટલું જ નહિ, આ પ્લાન્ટમાં અંદાજે ૧૩ હજાર કરોડ રૂપિયાના પ્રારંભિક રોકાણ સાથે ૨૦ Gwhની ઉત્પાદન ક્ષમતા હશે અને પ્રત્યક્ષ તથા પરોક્ષ મળીને ૧૩ હજારથી વધુ લોકોને રોજગાર અવસર આ પ્લાન્ટને પરિણામે મળતા થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર ઈલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન વધારીને કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા-ગ્રીન ક્લિન એનર્જી વધારવા અને ફોસિલ ફ્યુઅલ કન્ઝમ્પશન ઘટાડી કાર્બન ઉત્સર્જન ઘટાડવાના વિઝન માટે પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં ઈ.વી નો વપરાશ વધવાની સાથે લિથિયમ-આયન બેટરી ઉપરની નિર્ભરતા પણ નોંધપાત્ર રીતે વધશે. ટાટા ગૃપના આ પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાત લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગમાં અગ્રણી રાજ્ય બનશે તેમજ રાજ્યમાં બેટરી મેન્યૂફેક્ચરીંગ ઈકો સિસ્ટમ સ્થાપિત કરવામાં મદદ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેક્ટની સફળતા માટે રાજ્ય સરકારના સહયોગની તત્પરતા આ તકે વ્યકત કરી હતી. આ MoU સાઈનીંગ અવસરે મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તથા ટાટા ગૃપના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા.

પશુપાલન વિભાગે નમૂના પરીક્ષણ માટે મોકલ્યા

કચ્છમાં કેટલીક ગાયોમાં ફરી દેખાયા લમ્પી વાયરસના લક્ષણો

દેશી ગાયોની સરખામણીમાં સંકર જાતિની ગાયોમાં લમ્પી રોગને કારણે મૃત્યુદર વધારે છે

કચ્છ, તા.૩

કચ્છમાં ફરી કેટલીક ગાયોમાં લમ્પી વાયરસના લક્ષણો મળ્યા છે. ભૂજના માધાપર ગામે કેટલીક ગાયોમાં લમ્પી વાયરસ જેવા લક્ષણો સામે આવ્યા છે. ત્યારે આ બાબતની જાણ થતા જ પશુપાલન વિભાગે તેના નમૂના લઈ ભોપાલ પરીક્ષણ માટે મોકલ્યા છે. ૬ જેટલી ગાયોના શરીર પર ગાંઠ જેવુ જોવા મળી રહ્યુ છે. પશુપાલન વિભાગે આ ચાર ગાયને અલગ રાખી રસીકરણની કામગીરી પણ શરૂ કરી દીધી છે.

લમ્પી રોગ એક વાયરલ રોગ છે. આ વાયરસ પોકસ પરિવારનો છે. લમ્પી રોગ એ મૂળ આફ્રિકન રોગ છે અને મોટાભાગના આફ્રિકન દેશોમાં પ્રચલિત છે. આ રોગ ઝામ્બિયા દેશમાં ઉદ્દભવ્યો હોવાનું માનવામાં આવે છે. લમ્પી ચામડીનો રોગ મુખ્યત્વે ગાયોને અસર કરે છે. દેશી ગાયોની સરખામણીમાં સંકર જાતિની ગાયોમાં લમ્પી રોગને કારણે મૃત્યુદર વધારે છે.

આ રોગથી પ્રાણીઓમાં મૃત્યુદર ૧ થી ૫ ટકાની વચ્ચે છે. આ રોગના લક્ષણોમાં તાવ, દૂધ ઓછું થવું, ચામડી પર ગાઠો, નાક અને આંખોમાંથી સ્રાવ વગેરેનો સમાવેશ થાય છે. રોગના ફેલાવાનું મુખ્ય કારણ મચ્છર, માખીઓ અને પરોપજીવીઓ જેવા જીવો છે. વધુમાં, આ રોગ અનુનાસિક સ્રાવ, દૂષિત ખોરાક અને ચેપગ્રસ્ત પ્રાણીઓના પાણી દ્વારા પણ ફેલાય છે.

વિંછીયા ખાતે ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરાયું

રાજકોટ તા.૩

રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકામાં અમરાપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કિડનીના દર્દીઓ માટે તાલુકા કક્ષાનાં ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સેન્ટર ખાતેથી દર્દીઓને નિઃશુલ્ક સેવાનો લાભ મળશે, જેનો લાભ લેવા મંત્રી બાવળિયાએ ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આરોગ્ય ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ સાથે ગુજરાત આરોગ્ય ક્ષેત્રે મોડલ રાજ્ય બન્યું છે.

---

૨૦ – ૨૫ વર્ષ જુના કર્મચારીઓને કરાયા છુટા

ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૨૦ કરતા વધુ કર્મચારીઓને છુટા કરાયા

નવા મેનેજમેન્ટ દ્વારા વર્ષોથી નોકરી કરતા કર્મચારીઓને છુટા કરાયા

અમદાવાદ, તા.૩

ગૂજરાતની ઓળખ અને ગૌરવ કહી શકાય એવી ગૂજરાત વિદ્યાપીઠ છેલ્લા કેટલાક વર્ષથી પોતાના અનેક નિર્ણયોને લઈને ચર્ચાના ચકડોળે ચડ્યા હતા. તેવામાં આવો જ એક આશ્ચર્યજનક નિર્ણય લેવાતા ફરી ચર્ચામાં આવી છે. આ વખતે ગુજરાત વિદ્યાપીઠમાંથી ૧૨૦ કરતાં વધુ કર્મચારીઓને છૂટા કરી દેવાયા છે. આ એવા કર્મચારીઓ છે જેઓ સંસ્થા સાથે છેલ્લા ૨૦-૨૫ વર્ષથી જોડાયેલા છે. ત્યારે અચાનક તેઓને છૂટા કરી દેવાતા ભારે ચર્ચા જાગી છે. તો બીજી બાજુ વિદ્યાપીઠના ટ્રસ્ટીઓ મીડિયાથી વાત કરવાથી ભાગી રહ્યાં છે. ત્યારે આવનારા દિવસોમાં આ મુદ્દો વધુ ગંભીર બને તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

પ્રાથમિક વિગત મુજબ ગૂજરાત વિદ્યાપીઠમાંથી ૧૨૦ કરતાં વધુ કર્મચારીઓને અચાનક છૂટા કરવાનો નિર્ણય વહીવટતંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. જેમાં સાદરા, રાંધેજા અને અમદાવાદના કર્મચારીઓનો સમાવેશ થાય છે. તો આ કઠોર નિર્ણય વિદ્યાપીઠના નવા મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવ્યો છે. વિદ્યાપીઠમાંથી કર્મચારીને છૂટા કરવાના નિર્ણયનો વિરોધ કરવા માટે તેઓ ટ્રસ્ટીઓની બેઠકમાં રજૂઆત કરવા પહોંચ્યા હતા.

જેમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, હર્ષદ પટેલ, કુલનાયક, રજિસ્ટર વચ્ચે બેઠક મળી હતી. જ્યારે સમગ્ર બાબતે ટ્રસ્ટી હર્ષદ પટેલ સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓએ જવાબ આપવાનું ટાળ્યું હતું. જ્યારે વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર ભરત જોશીએ ગોળગોળ જવાબો આપી વાતને ટાળવાનો પ્રયાસ કર્યો હતો. બીજી બાજુ છૂટા કરાયેલા કર્મચારીઓ જેઓ વર્ષોથી આ સંસ્થા સાથે જોડાયેલા હતા, હવે ઢળતી ઉંમરે બીજે ક્યાં નોકરી કરવા જશે તેવી અવઢવમાં મૂકાયા છે. ત્યારે આ બાબત આવનારા દિવસોમાં વધુ ગંભીર બને તેમ લાગી રહ્યું છે.

ખંભાળિયા : આવતીકાલે જેષ્ઠાઅભિષેક સ્નાનના દર્શન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયાની ન્યુ રામનાથ સોસાયટી ખાતે આવેલી શ્રીદ્વારકાધીશજીની હવેલી ખાતે રવિવાર તારીખ ૪ ના રોજ સવારે ૮ વાગ્યે જેષ્ઠાઅભિષેક સ્નાનના દર્શન થશે. આ ઉપરાંત સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી "નાવ મનોરથ"ના દર્શનનો લાભ લાભ લેવા વૈષ્ણવ ભાઈઓ-બહેનોને હવેલીના મુખ્યાજી દ્વારા અપીલ કરવામાં આવી છે.

શો રૂમ વેંચવાનો છે
જૂનાગઢનાં હાર્દ સમા માંગનાથ રોડ ઉપર રીટેલ તથા હોલસેલ અનુરૂપ ૪૬૦ સ્કેવર ફુટ ફર્નીચર સાથે શો રૂમ વેંચવાનો છે
: સંપર્ક :
મો. ૯૯૦૯૪ ૫૦૯૧૦

મકાન કસમાં વેંચવાનું છે
જૂનાગઢમાં મેમણવાડા મસ્જીદની બાજુમાં ૭૨ વારની જગ્યાનું મકાન કસમાં વેંચવાનું છે
સંપર્ક કરો
મો. ૭૨૨૮૦ ૫૫૨૪૯

દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેક્શન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

પર્સનલ ઈન્કમ ટેક્ષ રીટર્ન
સાથે એકાઉન્ટસ કોપી
નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩
અંતિમ તારીખ ૩૧-૭-૨૩
સંપર્ક : 98251 11803

દિપાલી કોમર્શીયલ સર્વિસ
સોગંદનામા, ભાડાકરાર, વાહનકરાર, આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, ઓબીસી સર્ટી, ડોમીશાઈલ સર્ટી, સંમતિ પત્ર તેમજ ઓનલાઈન ફોર્મ , અરજન્ટ ફોટા, આધારકાર્ડ ડાઉનલોડ, ઝેરોક્ષ, કલર ઝેરોક્ષ, લેમીનેશન, મોબાઈલમાંથી પ્રિન્ટ વગેરે કામ માટે મળો
દિપાલી કોમર્શીયલ સર્વિસ
લીમડા ચોક, જેરામ પાનની બાજુમાં, જૂનાગઢ

Sodha Accountancy Junagadh Mob. 98251 11803
મિત્રો, ૧૯૯૩ થી સક્રિય ૩૦ વર્ષનાં એકાઉન્ટીંગ વ્યવસાયનાં અનુભવી રમેશભાઈ સોઢા દ્વારા વ્યકિતગત મેન્યુઅલ પ્રેકટીકલ એકાઉન્ટસ સાથે લાગુ પડતાં ટેક્ષેશન GST-TDS-TCS અને IT નું બેઝિક નોલેજનો કોર્ષ
દર મહીને એક જ બેન્ચ ● દરરોજ બે કલાક ● ફકત પાંચ જ વ્યકિત

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ
ડાયનીંગ હોલ
● સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
● જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
● આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ
ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● મસાલાપુરી ● દહીપુરી ● સેવપુરી
● ભેળ ● દાબેલી ● દિલ્હી ચાટ ● લસણીયા બટેટા
● સમોસા રગડો ● રગડા પેટીસ ● બાસ્કેટ ચાટ
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

ઝાલાવાડ
આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વંદના બેકરી
તળાવ દરવાજા રોડ
સ્પે. પાઉ
સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

૧૦માંથી ૭ ભારતીયો દૈનિક ફાઈબર જરૂરિયાતોની ખામી ધરાવે છે

અમદાવાદ, તા.૩

વર્લ્ડ ડાયજેસ્ટિવ હેલ્થ ડે નિમિત્તે, **ITC Ltd**ના **Aashirvaad** આટા વિથ મલ્ટિગ્રેઈન્સે, પ્રોટીન ફૂડ્સ એન્ડ ન્યુટ્રિશન ડેવલપમેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા **(PFNDAI)**ના ટેકાથી એ વાસ્તવિકતા તરફ ધ્યાન આકર્ષિત કર્યું છે કે, નોંધપાત્ર સંખ્યામાં ભારતીયો તેમની રેસાની (ફાઈબર) દૈનિક જરૂરિયાતોને પહોંચી વળવામાં નિષ્ફળ રહે છે. ડેટા દેખાડે છે કે, **Aashirvaad** આટા વિથ મલ્ટિગ્રેઈન્સની વેબસાઈટ હેપી ટમી ઉપર ફાઈબર મીટર ટેસ્ટમાં સહભાગી થયેલા ૬૯,૦૦૦ લોકોમાંથી અધધધ ૬૯% ભારતીયો દૈનિક જરૂરિયાત (**RDA** ૨૦૨૦ મુજબ કામની બેઠાડુ શ્રેણીમાં આવતા પુરુષો અને સ્ત્રીઓમાં) કરતાં ઓછા પ્રમાણમાં ફાઈબરનું સેવન કરે છે. વધુમાં, ૫.૭ લાખ ગ્રાહકો જેઓ **Happy Tummy**ની ડાયજેસ્ટિવ ક્વોશન્ટ ટેસ્ટનો હિસ્સો બન્યા હતા, તેમાંના ૭૦% ભારતીયો દરરોજ ૮ ગ્લાસ કરતાં ઓછું પાણી પીએ છે. ૪૭% ભારતીયો દરરોજ ૬ કલાકથી ઓછી ઊંઘ લે છે, ૩૫% દરરોજ કોઈપણ પ્રકારની શારીરિક પ્રવૃત્તિમાં સંકળાતા નથી ને માત્ર ૪૦% ભારતીયો જ દરરોજ એક યા બીજી શારીરિક પ્રવૃત્તિ કરે છે. વધુમાં, ૫% ભારતીયો સાધારણથી ગંભીર પ્રકારની તાણનો સામનો કરે છે. આ તારણો વિશે વાત કરતા, **ITC Ltd**નાં ન્યુટ્રિશન સાયન્સનાં વડાં ડૉ.ભાવના શર્મા જણાવે છે કે, "પાચન સ્વાસ્થ્ય વ્યક્તિની એકંદરે સુખાકારીમાં મહત્વની ભૂમિકા ભજવે છે અને ડીક્યુ ટેસ્ટને પગલે સામે આવેલા તારણો ખતરાની ઘંટડી સમાન છે અને આપણા સ્વાસ્થ્યને આપણે પ્રાથમિકતા આપીએ એવું જણાવવાની સાથે આંતરડાંથી આની શરૂઆત કરવા તરફ ધ્યાન ખેંચે છે. આ તારણોના માધ્યમથી **Aashirvaad** આટા વિથ મલ્ટિગ્રેઈન્સનું ધ્યેય વ્યાપક જાગરૂકતા ફેલાવવાનું તથા દેશમાંના લોકોમાં સ્વાસ્થ્યપ્રદ પાચન તંત્ર વિકસાવવા માટે સકારાત્મક ફેરફારો લાવવા માટે તેમનું સશક્તીકરણ કરવાનો છે." **Aashirvaad** આટા વિથ મલ્ટિગ્રેઈન્સની હેપી ટમી વેબસાઈટ, ૨૦૨૧માં લોન્ચ કરવામાં આવી હતી. તેને કન્ટેન્ટના એવા કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી છે, જે વ્યક્તિના પાચનનું વિશ્લેષણ કરવાના વિવિધ માર્ગ જણાવે છે. આ વેબસાઈટ પર પ્રમાણિત કન્ટેન્ટ પણ છે, જેમાં પોષણ ક્ષેત્રના નિષ્ણાતોના બ્લોગ્સ અને વિડિયોઝ ઉપરાંત હાઈ-ફાઈબર રેસિપીઝનો સમાવેશ થાય છે. ધ ફાઈબર મીટર અને માય મીલ પ્લાન જેવાં સાધનો ઉપયોગ લોકો તેમની વય, લિંગના આધારે તેમના માટે સૂચિત દૈનિક ફાઈબર જરૂરિયાતોનું પગેરૂ રાખી શકે છે અને તેને પ્રાપ્ત કરી શકે છે. આ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ **(ICMR)**ની માર્ગદર્શિકાઓ મુજબ છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા નેશનલ કક્ષાની ગુજરાત સ્ટેમ ક્વિઝ ભવ્ય સ્પર્ધા યોજાઈ

QUIZ
NATIONAL
GRAND FINALE

જૂનાગઢ, તા.૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માં વિજ્ઞાન ટેકનોલોજી એન્જિનિયરીંગ અને ગણિત ક્ષેત્રમાં જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તેવા આશયથી સમગ્ર ભારતના રાજ્ય માટે ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે સ્ટેમ ક્વિઝ સ્પર્ધાનો આયોજન સાયન્સ સીટી અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું.

જૂનાગઢ જિલ્લામાંથી પ્રતિભાશાળી રસ ધરાવતા ૨૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનું રજીટ્રેશન થયેલ હતું. જેમાં દરેક તાલુકા કક્ષા ક્વિઝ લઈ અને તેમાંથી ૧૦ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. રાજ્ય કક્ષાએ ૯૨ની પસંદગી કરવામાં આવી હતી. જેમાંથી ૩૯ વિદ્યાર્થીઓ જૂનાગઢ જિલ્લામાંથી પરીક્ષા આપી અને રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા હતા. જેઓને તા.૩૦ મેંના રોજ અમદાવાદ સાયન્સસિટી ખાતે ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સાથે દરેક વિદ્યાર્થીઓને તાલુકામાં પ્રથમ આવનારને ટેબ્લેટ, દ્વિતીય, તૃતીય, ચોથે ક્રમે આવનારને ટેલિસ્કોપ અને પાંચ છઠા ક્રમે આવનારને ડ્રોન અને જ્યારે સાત થી લઈને દશ ક્રમ સુધીને રોબોટિક્સ કીટ આપવા આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું ગુજકોષ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ઉત્તીર્ણ થનાર ૯૨ વિદ્યાર્થીઓને મેનેજિંગ ટ્રસ્ટી મુકતાનંદજીબાપુ તથા ચેરમેન ગિજુભાઈ ભરાડ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢના પ્રતાપસિંહ ઓરાની યાદીમાં જણાવ્યું હતું.

લઘુમતી સમાજનું રાજ્યકક્ષાનું મજબુત સંગઠન બનાવવા વેરાવળમાં અગ્રણીઓની બેઠક મળી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

ગુજરાતમાં વસતા લઘુમતિ સમાજના સૈવિધાનિક અધિકારોના રક્ષણ, સર્વાંગી વિકાસ અને સદભાવનાને વધુ પ્રબળ બનાવવા માટે રાજ્યકક્ષાનું મજબુત સંગઠન બનાવવા માટે તાજેતરમાં વેરાવળમાં લઘુમતી સમાજના આગેવાનોની એક બેઠક મળી હતી જેમાં વિચારણા સાથે મનોમંથન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીનભાઈ શેખ, નુસરતભાઈ પંજા અહિત વ્યવસાયિક, શૈક્ષણિક અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેલ અને કોઈપણ સમાજ હોય તેની પ્રગતિ ત્યારે જ શક્ય બને છે જયારે તે સમાજ આર્થિક, સામાજિક, શૈક્ષણીક અને રાજકીય રીતે પણ મજબૂત હોવાનો સુર વ્યક્ત થયો હતો.

ગુજરાતમાં લગભગ ૭૦ લાખથી વધુ લઘુમતી સમાજની સંખ્યા છે જેમાં મુસ્લિમ ઈસાઈ, પારસી, બોદ્ધ અને શીખ તેમજ જૈનની પણ વસ્તી છે તેમ છતાં પણ તે અન્ય સમાજો કરતા લઘુમતી સમાજ પછાત છે અને તેનું કારણ લઘુમતી સમાજ અન્ય સમાજોની જેમ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક અને રાજકીય રીતે સંગઠિત નહોવાથી વિકાસથી વંચિત રહ્યો હોવાની લાગણી વ્યક્ત થઈ હતી. જેને લઈ મનોમંથન બાદ લઘુમતી સમાજનું રાજ્યકક્ષાનું મજબુત સંગઠન બનાવવા ભાર મુકવામાં આવેલ હતો. આ બેઠકમાં નગરસેવક અફઝલ પંજા, અમીન ઝનનર, વી.ટી.સીડા, સાહિદ નકાની, હનીફ આકાની, સાજીદ કાઝી, ઉસ્માન કુરેશી, સુલેમાન સીડા સહીત જામનગર, જૂનાગઢ, તાલાલા, ભાવનગર, રાજકોટ, કેશોદ, માંગરોળનાં વ્યાપારિક, સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલ અગ્રણીઓ હાજર રહેલ હતા.

જૂનાગઢ સંગ્રહાલય દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ યોજાશે

જૂનાગઢ, તા.૩

આગામી પાંચમી જૂનનાં પર્યાવરણ દિવસ અનુલક્ષીને રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પુરાતત્વ નિયામક અને સંગ્રહાલય ખાતું તથા ક્યૂરેટર જૂનાગઢ મ્યુઝિયમ જૂનાગઢ દ્વારા ૫ મી જુન સોમવારના વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જૂનાગઢ સંગ્રહાલય ઓપેરા હાઉસ ખાતે સવારે ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી વૃક્ષોનું મહત્વ સમજ આપવાની સાથે આ વિશેષ કાર્યક્રમ યોજાશે. એમ સંગ્રહાલય ક્યૂરેટર ડો. શેફાલિકા અવસ્થીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે

માળિયાના શાંતિપુરા ગામે નાળિયેરીના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લેતા જીલ્લા વિકાસ અધિકારી

જીવામૃત, ઘનજીવામૃત, અગ્નિઅસ્ત્ર જેવા ઘટકો દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે ચર્ચા કરાઇ

જૂનાગઢ, તા.૩

માળીયાહાટીના તાલુકાના શાંતિપુરા ગામે રહેતા જેઠાભાઈ જોટવા નારિયેળની પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ત્યારે જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ સહિતના આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર દીપક રાઠોડ તથા ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી. અને ખેડૂત જેઠાભાઈએ અપનાવેલ પ્રાકૃતિક કૃષિના જુદા જુદા આયામો જેવા કે, જીવામૃત, ઘનજીવામૃત, અગ્નિઅસ્ત્ર જેવા ઘટકો ખેડૂત દ્વારા ખેતર ઉપર બનાવવામાં આવ્યા છે. જેની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી તેમજ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખે જણાવ્યું કે, જિલ્લામાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક અભિયાનમાં જોડાઈ જેથી પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે શકે છે.

લોઢવા ગામના આહિર યુવાન રામભાઈ વાઢેર લિખીત 'ઓવરણા' પુસ્તકનું વિમોચન

આવતીકાલે અનેક લેખકો, શિક્ષણવિદો અને સંતોની હાજરીમાં

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૩

લોઢવા ગામના આહિર સમાજના યુવાન અને હાલ ઘુસીયા ખાતે શિક્ષક તરીકે નોકરી કરતા રામભાઈ ભગવાનભાઈ વાઢેર દ્વારા લોઢવા ગામનો તથા સમગ્ર વિસ્તારના ઈતિહાસને ઉજાગર કરવા માટે છેલ્લા બે વર્ષની જહેમત બાદ 'ઓવરણા' નામનું પુસ્તક લખેલ છે અનો આ પુસ્તકનું વિમોચન આવતીકાલ તા.૪/૬/૨૦૨૩નો રવિવાર ગરવા ગિરનારની ગોદમાં ઈતિહાસીક સ્થળ એવા ભવનાથ આવેલ રૂપાયતન પરીસાર જૂનાગઢ ખાતે સાંજના ૫ વાગે



પુસ્તક વિમોચનના મુખ્ય અતિથી વિમોચક ડો.રાઘવજીભાઈ લોક સાહિત્યકાર અને શિક્ષણવિદોના હસ્તો રાખેલ છે. આ પ્રસંગે આશીર્વચન માટે શેરનાથબાપુ (ગોરક્ષનાથ આશ્રમ ભવનાથ) તેમજ મહંત મહાદેવગીરીબાપુ (અવધુત આશ્રમ ભવનાથ) અધ્યક્ષસ્થાને રૂપાયતન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી હેમતભાઈ નાણાવટી ઉપસ્થિત રહેશે. અતિથી તરીકે બલરામભાઈ પીઠીયા (પ્રિન્સીપાલ ડો.સુભાષ મહિલા કોલેજ), રમેશભાઈ પીઠીયા (મદદનીશ શિક્ષક તથા દાદુભાઈ કનારા (પ્રમુખ મીનરાજ શિક્ષૈણીક સંકુલ જૂનાગઢ), પ્રવિણભાઈ સોલંકી (અધ્યક્ષ ગુજરાતી વિભાગ બહાઉદીન કોલેજ), વિરમદેસિંહ પઢેશીયા સહિતના અગ્રણીઓની હાજરીમાં 'ઓવરણા' પુસ્તકનું વિમોચન કરવામાં આવશે.

આજે ૩ જુન વિશ્વ સાયકલ દિવસ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા

પ્રભાસ પાટણ, તા.૩

આજે ૩ જુન સમગ્ર વિશ્વ સાયકલ દિવસ તરીકે ઉજવી રહ્યું છે ત્યારે સોમનાથ દાદાની નગરી પ્રભાસપાટણમાં સાયકલનો દબદબો હતો બલ્કે કહો કે રજવાડુ હતું. કામ કાજ અર્થે કે ફરવા કલાકના ભાડા લેખે સાયકલ ભાડે આપતી જેનું કલાકનું ભાડુ બે આન ચાર આના લેખે ભાડે મળતી. જેમાં લઈ જનારનું નામ દુકાનદાર નામ અને સમય રજીસ્ટરમાં લખતા, આજે જમે ઘરે ઘરે બાઈક કે સ્કુટી છે તેમ ઘરે ઘરે સાયકલ રહેતી જે મોટે ભાગ શ્રમિકો કે સંપતિવનોનું હાથવગું વાહન હતું. સાયકલની સાથે હવા ભરવાના પંપ, લુછવાના કપડા અને ઓઈલીંગ ડબ્બી રહેતી. બાળકોને મોજથી સહેલ કરાવવા સાયકલ આગળ લોખંડ સળીયાનું ઘણા બેબી સીટ પણ નખાવતા તાજેતાજા વેવિશાળ થયેલા યુવાનો તે સમયે સાસરે ઝડપથી પેન્ડલ મારી જતા અને પરણેતરનું ઘર આવતા જ સાયકલની ટ્રીન.. ટ્રીન...ટ્રીન... ઘંટડી રણકાવતા જ ઘરના સૌ દોડી આવતા કે જમાઈરાજ આવ્યા. સાયકલ માટે નગરપાલિકામાંથી આજે જેમ આરટીઓમાંથી નંબર લેવો પડે છે તેમ નંબર લેવો પડતો. પ્રભાસ પાટણમાં મનુભાઈ સાયકલ વાળા, મહેષભાઈ સાયકલ વાળા, વેરાવળમાં આઝાદ સાયકલ સ્ટોર, કોહીનુર સાયકલ સ્ટોર સાયકલ ખરીદવા માટેના જાણીતા સ્થળો હતા. પ્રભાસમાં ૬૧ વરસાથી ત્રણ પેઢીથી નગરપાલિકા કચેરી સામે સાયકલની દુકાન ધરાવતા મહેષ સાયકલ ભાડે નથી આપતા માત્ર રીપેરીંગ જ કરીયે છીએ. ૪૩ વર્ષથી જેની બીજી પેઢી સાયકલનો સ્ટોર ધરાવે છે તેવા સફર સાયકલના સબી મહમદ ગોહેલ પણ આવી જ વાત કહી પાટણ શિવ પોલીસ ચોકી પાસેના ન્યુ સફર સાયકલ સ્ટોરના ઈસાભાઈ પણ આવી જ વાત કહ છે તે જમાનામાં રાત્રે સાયકલ ઉપર દિવો ન હોય તો પોલીસ કેસ પણ થતો. સોમનાથ સમુદ્રી વોક-વે ઉપર આનંદ લેવા આજેય પણ સ.ાયકલ કલાકના ભાડા પેટે અપાય છે. વેરાવળના ડાભોર રોડ ઉપર જય અંબે સાયકલ સ્ટોરના

સુરેશભાઈ જુના વ્યવસાયી છે. સાસરીયામાં જયારે જમાઈરાજ સાયકલ લઈને જાય ત્યારે જમાઈરાજ જાણે હેલીકોપ્ટરમાં આવ્યા હોય તેવો ઓચ્છવ થતો. સિનેમાના પરદા ઉપર પણ સાયકલની ગુંજ રહેતી અને તેવા ફિલ્મ ગીતો શેરીઓમાં ગુંજતા બન કે પંછી ગાયે પ્યાર કા તરાના સવારે ચલોને આયે દિન બહાર, માના જવાબનો પુકારા નહીં અને સૌથી ભાતીગળ ગીત સાયકલ મારી સર ૨૨ જાય, ટ્રીન ટ્રીન ટોકરી બજાવતી જાય.

ગર્વમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ જૂનાગઢની વિદ્યાર્થીનીએ ધોરણ-૧૨ માં મેળવી ઝળહળતી સફળતા

જૂનાગઢ, તા.૩

ગર્વમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ જૂનાગઢમાં અભ્યાસ કરતી ચૌહાણ જૈનબ હનિફભઈઅધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. તાજેતરમાં ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર થયું છે ત્યારે ધો-૧૨ કોમર્સમાં વર્ષ ૨૦૨૩માં ચૌહાણ જૈનબ હનીફભાઈ ૯૯.૮૭ પીઆર તથા ૯૨.૧૪ ટકા એ-૧ ગ્રેડ સાથે સમગ્ર ગુજરાત રાજય (બોર્ડ)માં ૧૩માં ક્રમાંક તથા ગર્વમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ (જૂનાગઢ)માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. વિશેષમાં આંકડાશાસ્ત્ર વિષયમાં ૯૯ માર્કસ, એકાઉન્ટમાં ૯૮ અને વાણીજય વ્યવસ્થામાં ૯૮ માર્કસ તથા અર્થશાસ્ત્રમાં ૯૦

માર્કસ પ્રાપ્ત કરેલ છે. તે બદલ શાળાના આચાર્ય અનો તમામ શૈક્ષણિક સ્ટાફે અભિનંદન પાઠવેલ છે. સામાન્ય વર્ગમાંથી આવતી, સરકારી શાળામાં અભ્યાસ કરી, પોતાના ગુરૂ ઈમ્તીયાઝસર તુર્કના માર્ગદર્શન હેઠળ આજવલંત સફળતા પ્રાપ્ત કરી સમગ્ર શાળા પરીવાર અને જૂનાગઢ, સમસ્ત મુસ્લીમ સમાજનું ગૌરવ વધારેલ છે.

ખંભાળિયામાં રવિવારે રાહત દરે ચોપડાનું વિતરણ કરાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયાની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા, લોહાણા મિત્ર મંડળના ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહત દરે ફુલસ્કેપ (ચોપડા)નું વિતરણ કરવામાં આવનાર છે. અહીંના બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે રવિવારે સવારે ૧૦ થી ૧ તથા સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી વહેલા તે પહેલાના ધોરણે ચોપડાનું વિતરણ કરવામાં આવશે.

વેરાવળ રેલ્વે સ્ટેશન ખાતે યાત્રીકોના મોબાઈલ સહિતના કિંમતી સામાનની ચોરી કરતો તસ્કર ઝડપાયો

યાત્રિકની ફરીયાદ ઉપરથી રેલવે પોલીસે સીસીટીવી ફુટેજો ખંગોળી તસ્કરને ચોરી કરેલ મુદામાલ સાથે ઝડપી પાડ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

વેરાવળ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર આરામ કરી રહેલા યાત્રીકોના મોબાઈલ સહિતના કિંમતી માલ સામાન ચોરી કરનાર તસ્કરની રેલવે પોલીસે સીસીટીવી ફુટેજોને ખંગોળી ઓળખ મેળવીને ચોરી કરેલા મુદામાલ સાથે જૂનાગઢ રેલવે સ્ટેશન ખાતેથી ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા તસ્કરએ અનેક યાત્રિકોના માલ- સામાનની ચોરી કરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે. છેલ્લા થોડા સમયથી વેરાવળ રેલવે સ્ટેશન ઉપરથી યાત્રિકોના સામાનની ચોરી થઈ રહ્યાની વિગતો સામે આવી રહી હતી. દરમ્યાન ત્રણ દિવસ પહેલા મહારાષ્ટ્રના લાતુરના રહીશ ગૌસેવક દિલીપ કુલકર્ણી પરીવાર સાથે સોમનાથ આવેલ હોય અને વેરાવળ રેલ્વેસ્ટેશનના પ્લેટફોર્મ ઉપર ટ્રેનની રાહમાં આરામ કરી રહ્યા હતા. ત્યારે તેમના બે મોબાઈલ, કાંડા ઘડીયાળ અને રોકડ રકમની અજાણ્યો તસ્કર ચોરી કરી ગયો હતો. જે અંગે તેમણે રેલવે પોલીસને ફરીયાદ કરી હતી. જેને લઈ રેલવે પોલીસના ભુરાભાઈ કરગઠીયા, મહેશભાઈ ભજગોતરએ સ્ટેશનમાં લાગેલ સીસીટીવીના ફુટેજો મેળવી ઝીણવટભરી તપાસ હાથ ધરતા એક શંકાસ્પદ શખ્સ ચોરી કરતો નજરે પડેલ હતો. જેના ઝડપવા તપાસ હાથ ધરેલ દરમ્યાન શંકાસ્પદ શખ્સ જૂનાગઢ રેલવે સ્ટેશન ખાતે જોવા મળતા રેલવે પોલીસે ત્વરીત ઝડપી લીધો હતો. પકડાયેલ શખ્સ જીવણ કરશન ચુડાસમા રહે.કૈલાસ સોસાયટી, વેરાવળનો રહેવાસી હોવાનું જાણવા મળેલ અને તેની પાસેથી ચોરી કરેલ મુદામાલ ઉપરાંત વધુ

ત્રણ મોબાઈલો મળી આવેલ હતા. આ બાબતે પીએસઆઈ એલ.જે.પરમારએ તસ્કર જીવણને કોર્ટમાં રજુ કરી એક દિવસના રિમાન્ડ મેળવી અત્યાર સુધીમાં કેટલી ચોરી કરી છે અને તે મુદ્દામાલનું શું કર્યું તેની હકકિત બહાર લાવવા કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

શાંતિ માટે બલિદાન આપનારા શહિદોનું સન્માન કરાશે

વૈશ્વિક શાંતિ સુનિશ્ચિત કરવા માટે સંયુક્ત રાષ્ટ્રના ધ્વજ તળે બલિદાન થયેલા ૧૦૩ સૈન્ય અને અસૈન્ય સ્વયંસેવકોને મરણોપરાંત પ્રતિષ્ઠિત મેડલથી સન્માનિત કરવાં આવશે, તેમાં ત્રણ ભારતીય - સીમા સુરક્ષા દળના શિશુપાલ સિંહ અને સાંવલા રામ બિશ્નોઈ તથા અસૈન્ય કર્મી શબ્બીર તાહિર અલી પણ સામેલ છે. બીએસએફના બંને દિવંગત યોધ્ધા કોંગોમાં સ્થિરતા બહાલી મિશન પર હતા, તો અલી ઈરાકમાં સહયોગ પ્રક્રિયા સાથે જોડાયેલા હતા. ભારત દાયકાઓથી સંયુક્ત રાષ્ટ્રની શાંતિ સેનામાં ઉલ્લેખનીય યોગદાન કરતું રહ્યું છે અને આ ગતિવિધિઓમાં કેટલાય ભારતીયોએ બલિદાન આપ્યું છે. હાલમાં આપણા છ હજારથી વધુ સૈનિક અને પોલીસકર્મી આ વૈશ્વિક સંસ્થાના વિભિન્ન અભિયાનોમાં જોડાયેલા છે. આ અભિયાન મુખ્ય રૂપે એવા સ્થાનો પર ચલાવવામાં આવે છે જ્યાં દાયકાઓથી યુદ્ધ, ગૃહયુધ્ધ અને આતંકવાદનો પ્રકોપ છે. આ અભિયાનોનો ઉદ્દેશ્ય શાંતિ સ્થાપિત કરવાનો અને સમજૂતીઓને લાગુ કરાવવાનો હોય છે. સંયુક્ત રાષ્ટ્રના શાંતિ સૈનિક નાગરિકોના જાનમાલની રક્ષા કરી પ્રભાવિત ક્ષેત્રમાં સ્થિરતા લાવવાનો પ્રયાસ કરે છે અને તે સંપૂર્ણ રીતે નિષ્પક્ષ હોય છે.

તેમ છતાં તેમના પર હુમલા થતા રહે છે. ૧૯૪૮થી અત્યાર સુધી ૪૨૦૦થી વધુ શાંતિ સૈનિક પોતાનું બલિદાન આપી ચૂક્યા છે. જેમાં ૧૭૮ ભારતીય સૈનિક પણ સામેલ છે. છેલ્લા ૭૫ વર્ષમાં ૧૨૫ દેશોના ૨૦ લાખથી વધુ શાંતિ સૈનિક દુનિયાભરમાં ૭૧ અભિયાનોમાં ભાગીદારી કરી ચૂક્યા છે. આજે આફ્રિકા, એશિયા, યુરોપ અને મધ્ય-પૂર્વમાં ૧૨ યુધ્ધપ્રભાવિત ક્ષેત્રોમાં લગભગ ૮૭ હજાર શાંતિ સૈનિકો તૈનાત છે. સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિકોના મહત્ત્વપૂર્ણ યોગદાન અને સર્વોચ્ચ બલિદાન પ્રત્યે સન્માનમાં ૧૯૪૯થી દર વર્ષે ૨૯ મેએ આંતરરાષ્ટ્રીય દિવસ મનાવવામાં આવે છે.

વૈશ્વિક ભૂરાજનીતિ જટિલ થતી જવી, ક્ષેત્રીય સંઘર્ષ વધતા જવા તથા આતંકમાં વધારાની સાથે સાથે શાંતિ અભિયાનોની જરૂરિયાત પણ વધતી ગઈ છે અને તેમના પર ખતરા પણ વધતા ગયા છે. ભારતીય સૈનિકોએ અત્યાર સુધી ૫૦થી વધુ અભિયાનોમાં ભાગીદારી કરી છે. સૈનિકો ઉપરાંત ભારતે સમયે સમયે પોતાના ઉત્કૃષ્ટ સૈન્ય અને પોલીસ અધિકારીઓને સંયુક્ત રાષ્ટ્રમાં સલાહકાર રૂપે પણ મોકલ્યા છે. ભારતીય મહિલા સૈનિકોની ભૂમિકા પણ ઉલ્લેખનીય રહી છે. ૨૦૦૭માં લાઈબેરિયામાં ભારતે જે ટુકડી મોકલી હતી, તેની તમામ સદસ્ય મહિલાઓ હતી. આ વર્ષના પ્રારંભમાં સુડાનમાં તૈનાતી માટે મહિલા સૈનિકોની એક મોટી ટૂકડી મોકલવામાં આવી છે. વૈશ્વિક શાંતિમાં ભારતીયોનું આ યોગદાન આપણા બધા માટે ગૌરવનો વિષય છે.

ગુજરાતમાં સ્થપાશે દેશની સૌપ્રથમ લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ઘડાયેલી નવી ઈલેક્ટ્રોનિક્સ પોલિસીની ફલશ્રુતિ રૂપે ગુજરાત સરકાર અને ટાટા ગૃપ વચ્ચે MoU સંપન્ન થયા

ગાંધીનગર તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત દેશમાં લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગનું અગ્રણી રાજ્ય બનવા સજ્જ થયું છે.

આ હેતુસર લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરીની સ્થાપના માટે ગુજરાત સરકાર અને ટાટા ગૃપ વચ્ચે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં MoU સંપન્ન થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં ઘડાયેલી નવી ઈલેક્ટ્રોનિકસ પોલિસીની ફલશ્રુતિ રૂપે આ MoU કરવામાં આવ્યા છે.

ટાટા ગૃપની સબસીડીયરી કંપની અગ્રતાસ એનર્જી સ્ટોરેજ સોલ્યુશન પ્રાયવેટ લિમિટેડના CEO અને ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી સચિવ વિજય નહેરાએ આ MoU પર હસ્તાક્ષર કરી મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં રે ની પરસ્પર આપ-લેકરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૩૦ સુધીમાં દેશમાં ૫૦ ટકા કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા તથા ૧૦૦ ટકા ઈલેક્ટ્રીક વાહન ઉપયોગનું જે લક્ષ્ય રાખ્યું છે તેને સાકાર કરવા ગુજરાતે આ ગીગા ફેક્ટરીની સ્થાપનાના MoU થી નવી દિશા આપી છે.

ગીગા ફેક્ટરી ભારતમાં આ પ્રકારનો પ્રથમ લિથિયમ આયન સેલ ઉત્પાદન પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત કરશે. એટલું જ નહિ, આ પ્લાન્ટમાં અંદાજે ૧૩ હજાર કરોડરૂપિયાના પ્રારંભિક રોકાણ સાથે ૨૦ Gwh ની ઉત્પાદન ક્ષમતા હશે અને પ્રત્યક્ષ તથા પરોક્ષ મળીને ૧૩ હજારથી વધુ લોકોને રોજગાર અવસર આ પ્લાન્ટને પરિણામે મળતા થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર ઈલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન વધારીને કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા-ગ્રીન ક્લિન એનર્જી વધારવા અને ફોસિલ ફ્યુઅલ કન્ઝમ્પશન ઘટાડી કાર્બન ઉત્સર્જન ઘટાડવાના વિઝન માટે પ્રતિબદ્ધ છે.

આ સંદર્ભમાં ઈ.વી નો વપરાશ વધવાની સાથે લિથિયમ-આયન બેટરી પરની નિર્ભરતા પણ નોંધપાત્ર રીતે વધશે.

ટાટા ગૃપના આ પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાત લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગમાં અગ્રણી રાજ્ય બનશે તેમજ રાજ્યમાં બેટરી મેન્યૂફેક્ચરીંગ ઈકો સિસ્ટમ સ્થાપિત કરવામાં મદદ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેક્ટની સફળતા માટે રાજ્ય સરકારના સહયોગની તત્પરતા આ તકે વ્યકત કરી હતી.

આ MoU સાઈનીંગ અવસરે મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તથા ટાટા ગૃપના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ''મિશન લાઈફ''નું લક્ષ્ય:

વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૮ સુધી ઓછામાં ઓછા ૧ અબજ ભારતીયો અને અન્ય વૈશ્વિક નાગરિકોને પર્યાવરણીય સંરક્ષણ માટે પ્રેરિત કરાશે

વિશ્વ કક્ષાની વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પશ્ચિમ આફ્રિકાના કોટ ડી'આવિયર (Côted'Ivoire) ખાતે કરવામાં આવશેઃ જેની થીમ #BeatPlasticPollution (પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો)

સમગ્ર વિશ્વમાં ૪૬ ટકા પ્લાસ્ટિક કચરો જમીનમાં ભરાયેલો છે જેમાંથી ૨૨ ટકા નિકાલપાત્ર નથી : પ્લાસ્ટિકના કચરાથી થતા પ્રદૂષણને રોકવા માટે કેન્દ્ર સરકારે બે સ્તંભોની અપનાવી વ્યૂહરચના

ગાંધીનગર તા.૦૩

સમગ્ર વિશ્વમાં ૫મી જૂન વિશ્વ પ્રતિવર્ષ પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે. ઈસવીસન ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ વર્ષે ૫ જૂન ૨૦૨૩ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ૫૦ મી વર્ષગાંઠ ઉજવાશે. આ વર્ષે વિશ્વ કક્ષાની વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની યજમાની નેધરલેન્ડસની ભાગીદારીમાં પશ્ચિમ આફ્રિકામાં આવેલો કોટ ડી'આવિયર (Côted'Ivoire) દેશ કરી રહ્યો છે. પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે સંયુકત રાષ્ટ્રસંઘ યુ.એન. દ્વારા #BeatPlasticPollution (પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો) થીમ હેઠળ સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિક પ્રદૂષણના નિકાલ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વર્ષ ૨૦૨૧માં યુ.એન ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં (UNFCCC COP26), વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક ક્લાઈમેટ એક્શન નેરેટિવમાં ''મિશન લાઈફ''ની (Mission Life) જાહેરાત કરી હતી. મિશન લાઈફનું લક્ષ્ય વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૮ સુધી ઓછામાં ઓછા ૧ અબજ ભારતીયો અને અન્ય વૈશ્વિક નાગરિકોને પર્યાવરણીય સંરક્ષણ માટે પ્રેરિત કરવાનું છે. આ મિશન હેઠળ ઉર્જા બચત, પાણીની બચત, સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, ટકાઉ ખાદ્ય પ્રણાલી, કચરો ઘટાડવો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી અને ઈ-કચરાનું સંચાલન એમ સાત શ્રેણીઓને આવરી લેવામાં આવી છે.

આજે પ્લાસ્ટિક રોજીંદા જીવનનો એક ભાગ બની ગયું છે અને તેનો વપરાશ નિયમિતપણે થઈ રહ્યો છે. આપણે તેનો વપરાશ જાણીએ છીએ પણ તેનો નાશ કેવી રીતે કરવો તે અંગે જાગૃતિ નથી. એકંદરે, સમગ્ર વિશ્વમાં ૪૬ ટકા પ્લાસ્ટિક કચરો જમીનમાં ભરાયેલો છે જેમાંથી ૨૨ ટકા નિકાલપાત્ર નથી જે દરિયાઈ વન્યજીવોને ગૂંગળાવાની સાથે સાથે જમીનને નુકસાન પણ પહોંચાડે છે. જમીનમાં ઓગળેલુ પ્લાસ્ટિક ભૂગર્ભજળને ઝેરી બનાવીને, આરોગ્યને ગંભીર અસર કરે છે અને બીજી અનેક રીતે પર્યાવરણને હાની પહોંચાડે છે.

પ્લાસ્ટિકના કચરાથી થતા પ્રદૂષણને રોકવા માટે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રિય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે બે સ્તંભોની ખાસ વ્યૂહરચના અપનાવી છે. જેમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ પર પ્રતિબંધ અને તેનું કડક અમલીકરણ તેમજ પ્લાસ્ટિક પેકેજિંગ કચરાનું રિસાયક્લિંગ, પુનઃઉપયોગ અને સમગ્ર પ્રક્રિયા સુનિશ્ચિત કરવાની જવાબદારી ઉત્પાદકો, આયાતકારો અને બ્રાન્ડ-માલિકોની રહેશે. આ સ્તંભો થકી કેન્દ્ર સરકાર દ્વારા પ્લાસ્ટિકના ઉપયોગના નિયંત્રણ માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ શહેરો, નગરો અને મહાનગરોમાં જળ પ્રદૂષણ, વાયુ અને વાહનોનું પ્રદૂષણ, ઔદ્યોગિક ક્ષણ, અયોગ્ય કચરાના નિકાલ વગેરેને લગતી સમસ્યાઓના ઉકેલ માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. જેમાં રાષ્ટ્રીય એમ્બિયન્ટ એર ગુણવત્તા ધોરણો અંગે નોટીફીકેશન, પર્યાવરણીય નિયમો, કાનુનોની રચના, આસપાસની હવાની ગુણવત્તાના મૂલ્યાંકન માટે મોનિટરિંગ નેટવર્કની સ્થાપના, ક્લીનર, વૈકલ્પિક ઈંધણ જેવા કે વાયુયુક્ત ઈંધણ (CNG, LPG વગેરે), ઈથેનોલ મિશ્રણ વગેરેનો વપરાશ, સ્વચ્છ ઉત્પાદન પ્રક્રિયાઓના પ્રોત્સાહનથી ક્લીન અને ગ્રીન ટેક્નોલોજીનો ઉપયોગનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત સરકારે અંદાજપત્રમાં પાંચમાં સ્તંભ તરીકે ગ્રીન ગ્રોથને સ્થાન આપ્યું છે. જેમાં વન અને પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે વિભાગને રૂ. ૨૦૬૩ કરોડની જોગવાઈ અને કલાઈમેટ ચેન્જ વિભાગનમાં રૂ. ૯૩૭ કરોડની જોગવાઈ કરી છે. જે અંતર્ગત વનોના વિકાસ સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટેની જોગવાઈ, વનવિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણ, વન્ય પ્રાણી વ્યવસ્થાને વિકાસ હાથ ધરશે, વળતર વનીકરણ તથા અન્ય વન વિકાસની કામગીરીઓ, હરિત વસુંધરા પ્રોજેક્ટ પાવન વૃક્ષ વાટિકા અને વૃક્ષોનું આવરણ વધારવાની વિવિધ યોજનાઓ, ''મિશન લાઈફ'' અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રમાં તાલીમ અને માનવ સંસાધન વિકાસ હાથ ધરવા તેમજ જનજાગૃતિ અભિયાન હાથ ધરાશે. જે સૂચવે છે કે વિકાસમાં હરણફાળ ભરતું ગુજરાત, પર્યાવરણની જાળવણી માટે સઘન કામગીરી કરી રહ્યું છે.

નવી સંસદમાં અખંડ ભારતનો નકશો પાડોશી દેશોને પસંદ ના આવ્યો

નવી દિલ્હી,તા.૩

દેશની નવી સંસદમાં અખંડ ભારતનો નકશો પાડોશી દેશોને પસંદ નથી આવી રહ્યો. પહેલા નેપાળે આના પર વાંધો ઉઠાવ્યો, પછી હવે પાકિસ્તાનને આ નકશાને કારણે મરચા લાગ્યા છે. અખંડ ભારતનો આ નકશો જોઈને જ પાકિસ્તાન સરકાર તણાવમાં આવી ગઈ છે.નેપાળના બે પૂર્વ વડાપ્રધાનો કેપી શર્મા ઓલી અને બાબુરામ ભટ્ટરાઈએ, ભારતની નવી સંસદમાં મુકાયેલા અખંડ ભારતના નકશા અંગે ઝેર ઓક્યું છે. ભારતની નવી સંસદનું ઉદઘાટન ગયા રવિવારે જ થયું છે. આ ભવ્ય ઈમારતમાં પ્રાચીન ભારત સાથે જોડાયેલી ઘણી વસ્તુઓ છે. સંસદ સંકુલમાં અખંડ ભારતનો નકશો પણ છે, જેમાં નેપાળ, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, તિબેટ અને શ્રીલંકાને ભારતના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે, અખંડ ભારતના નકશાનો વિરોધ કર્યો છે. બલોચે મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ભારતે, તેના સંસદ પરિસરમાં 'અખંડ ભારત'ની તસવીરો અને ભાજપના નેતાઓના નિવેદનોથી પાકિસ્તાન સરકાર ખૂબ જ આશ્ચર્યમાં છે.બલોચે કહ્યું કે, અખંડ ભારતનો બિનજરૂરી દાવો પાડોશી દેશની વિસ્તરણવાદી વિચારસરણી દર્શાવે છે. ભારત માત્ર પડોશી દેશોને ગુલામ બનાવવા માંગતું નથી પરંતુ તેની લઘુમતીઓને પણ પોતાના નિયંત્રણમાં રાખવા માંગે છે.અખંડ ભારતના નકશામાં લુમ્બિની અને કપિલવસ્તુ પણ છે. ભગવાન બુદ્ધનો જન્મ લુમ્બિનીમાં થયો હતો, જ્યારે તેમનું બાળપણ કપિલવસ્તુમાં વીત્યું હતું. આ અંગે નેપાળમાં હોબાળો મચી ગયો હતો. તે પણ જ્યારે નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડ ભારતના પ્રવાસે છે.ચીન સામે વારંવાર ઝુકનાર નેપાળના પૂર્વ વડાપ્રધાન કેપી



શર્મા ઓલીએ કહ્યું કે આ યોગ્ય નથી. ભારતની જેમ પ્રાચીન-મજબૂત અને લોકશાહીના મોડલ તરીકે ઓળખાતું ભારત જો નેપાળનો ભાગ પોતાના નકશામાં બતાવે અને સંસદમાં લટકાવી દે તો તેને યોગ્ય કહી શકાય નહીં. તેમણે કહ્યું કે ભારતના પ્રવાસે ગયેલા નેપાળી પીએમએ આનો વિરોધ નોંધાવવો જોઈએ. નેપાળી સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ બાબુરામ ભટ્ટરાઈએ કહ્યું હતું કે, આ વિવાદને કારણે બંને દેશો વચ્ચેના સંબંધો સૌથી ખરાબ સ્થિતિમાં પહોંચી જશે. તેમણે કહ્યું કે નવા સંસદ ભવનમાં 'અખંડ ભારત'નું વિવાદાસ્પદ ભીંતચિત્ર ભારત અને નેપાળ વચ્ચે બિનજરૂરી વિવાદનું કારણ બની શકે છે. બંને દેશો વચ્ચેના સંબંધો પહેલાથી જ ખરાબ છે, તેનાથી મામલો વધુ બગડશે. ભારત સરકારે આ વિવાદ સમયસર ઉકેલવો જોઈએ.ચીને અખંડ ભારતના નકશા પર કોઈ ટિપ્પણી કરી નથી. જોકે ચીને થોડા દિવસો પહેલા ભારતની નવી સંસદની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે બ્રિટિશ ગુલામીના પ્રતીકોને ભૂંસી નાખવાની દિશામાં આ એક સારું પગલું છે. અખંડ ભારતમાં મ્યાનમાર, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને શ્રીલંકા પણ છે. તેમના તરફથી પણ કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

હવે કોઈ ડોકટરો દર્દીઓને મોંઘી દવાઓ લખી નહીં શકે

આદેશનું પાલન ન કરનાર તબીબો સામે કાર્યવાહી કરવામાં આવશે

દિલ્હી,તા.૩

હવેથી ડોકટરો તેમના દર્દીઓને મોંઘી દવા લખી શકશે નહીં. દર્દીઓને મોંઘી દવાઓ લખતા ડોકટરો ઉપર તવાઈ આવશે. કારણ કે હાલમાં જ કેન્દ્ર સરકારે ડોકટરોને કડક ચેતવણી આપી છે કે દર્દીઓને બહારથી મોંઘી દવાઓ લખી ન આપે. દવાઓમાંથી, દર્દીના પ્રિસ્ક્રિપ્શન પર ફક્ત જેનેરિક દવાઓ લખવી જોઈએ. જો કોઈ તબીબ સરકારની સૂચનાઓનું પાલન નહીં કરે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડોકટરો ક્યારેક દર્દીઓને મોંઘી દવાઓ લખી આપે છે. તેને ખરીદવી દરેક વર્ગના દર્દીની ક્ષમતા નથી હોતી. આવી સ્થિતિમાં તેમના માટે સારવાર મેળવવી મુશ્કેલ બની જાય છે. જેને જોતા સરકારે મોંઘી દવાઓ લખવાની ના પાડી દીધી છે.મળતી માહિતી મુજબ, સરકારે ડોકટરોને માત્ર બહારથી જેનરિક દવાઓ લખવાની છૂટ આપી છે. કોઈ પણ ડૉક્ટર બહારથી દર્દીને મોંઘી દવા લખી શકતા નથી. જો કોઈ તબીબ ખાનગી મેડિકલ સ્ટોરમાંથી મોંઘી દવા લખશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તબીબો કમિશન ખાતર દર્દીના સ્વાસ્થ્ય સાથે રમી શકતા નથી.જો કે, આ જેનરિક દવા લખવાનો એક હેતુ એ છે કે, સરકાર દેશમાં સસ્તી જેનરિક દવાઓને પ્રોત્સાહન આપવા માંગે છે. જેનરિક દવાઓ દરેક જગ્યાએ સસ્તા ભાવે ઉપલબ્ધ હોવી જોઈએ. જેથી કરીને ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ સસ્તી સારવાર કરાવી શકે.નોંધનીય છે કે, જેનરિક દવાઓ માટે દેશના લગભગ તમામ રાજ્યો અને શહેરોમાં જન ઔષધિ કેન્દ્રો છે. જ્યાં લોકોને સરળતાથી સસ્તા ભાવે જીવનરક્ષક દવાઓ મળી રહે છે. આવી સ્થિતિમાં દરેક દર્દી સસ્તી દવા દ્વારા પોતાની સારવાર કરાવી શકે છે.

કચ્છની જમીનમાં દરિયાની ખારાશ રોકવા શરૂ કરાયો નવતર પ્રયોગ

કચ્છ, તા.૩

કચ્છ એક સુકો પ્રદેશ છે માટે પાણીનું અહીં ખૂબ જ મહત્વ છે. વરસાદી પાણીનું સંપૂર્ણપણે બચાવ થાય એવા પ્રયત્ન કરવામાં ગ્લોબલ કચ્છ સહિત માંડવી મતવિસ્તારના ધારાસભ્ય અનિરુદ્ધ દવે પણ કાર્યરત છે. જેના ભાગરૂપે માંડવી તાલુકામાં જળસંચયના ૭૫ કામો એક સાથે શરૂ કરવામાં આવ્યા હતા. સિંચાઈના આ ૭૫ કાર્યોથી માંડવી તાલુકાની જનતાને લાભ મળશે. માંડવી વિસ્તારમાં પાણીના સ્તોત્ર સુધારણાને અનુલક્ષીને તેમજ જળસંચયના કાર્યો અંતગર્ત ૩૯ જેટલા નવા ચેક ડેમ અને ૩૧ જેટલી નદીઓમાં રિચાર્જ વેલ, ૪ બોરવેલ અને ૧ ડેમ રીપેરીંગનું કામ મળીને કુલ ૭૫ કામો માંડવી વિધાનસભાના ધારાસભ્યઅનિરુદ્ધ દવે દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. આ કામો થકી કરોડો અબજો લીટર પાણીનો બચાવ થઈ શકશે અને આ પાણી જમીનમાં પાતાળમાં ઉતરશે. આ ૭૫ કાર્ય પૈકી ૩૯ ચેકડેમ અને ૩૧ રિચાર્જ વેલનું કાર્ય ૮ કરોડના ખર્ચે કરવામાં આવશે.આ કાર્યથી માંડવી તાલુકાના ખેડૂતોને અને લોકોને મોટા પાયે ફાયદો થશે.માંડવી મતવિસ્તારના ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ માહિતી આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમૃત કાળની અંદર ૭૫ કામો માટે વિવિધ વિષયો મૂક્યા હતાં જે અંતર્ગત ધારાસભ્ય તરીકે જવાબદારીપૂર્વક સુજલામ સુફલામ્ યોજના હેઠળ ૧૦૨ ડેમના કામોની મંજૂરી આપી હતી અને ૧૦૨ કામોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તો નિર્જળા એકાદશી એટલે કે ભીમ અગિયારસના દિવસે જળસંગ્રહનો વિશિષ્ટ મહિમા હોય છે, ત્યારે માંડવી તાલુકામાં ૭૫ જળાશયનું કામ શરૂ કરવામાં આવ્યું છે. માંડવી વિધાનસભા ક્ષેત્રની અંદર કુલ મળીને ૨૦૦ જેવા કામો છેલ્લાં ૫ મહિનાની અંદર કરવામાં આવ્યા છે.આ ૭૫ જળાશયોના કામના લીધે અગાઉ જે પાણીની તકલીફ રહેતી હતી તે દૂર થશે અને પાણીના સ્તર છે તે ઊંચા આવશે બોરવેલના કારણે ૪૦૦ ફૂટ નીચે સુધી પાણી જશે તો કંકાવટી નદીની બંનેબાજુએ પણ પાણી જશે અને ખેડૂતોનું જીવન સ્તર સુધરશે અને લોકોને પાણી મળશે. આ ઉપરાંત માંડવી તાલુકો દરિયાકિનારાનો વિસ્તાર હોતા સેરેનેટી ઉપર નીચે થતી હોય છે. જેથી ખારાશ સતત વધી છે ત્યારે ખારાશને રોકવા માટે એક આ ઉપાય છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઘટ ઘટ મેં સાંઈ રમતા, કટુક વચન મત બોલ રે.

- સંત કબીરજી

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૧૪ વ્રતની પૂનમ, વટસાવિત્રી પૂર્ણિમા, ચંપકચતુર્દશી તા.૩ જૂન ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧૩, વિશાખા નક્ષત્ર, શિવ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડાદોડી રહે. આરોગ્ય બાબતે સાવચેતી હિતાવહ.
વૃષભ: ભાગીદાર સાથે મતભેદ સર્જાય. મુંઝવણમાંથી માર્ગ મળે.
મિથુન: નિર્ણયશક્તિ નબળી બની જાય. મનમાં મૂંઝવણ અનુભવાય.
કર્ક: આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. અપયશના ભોગ બનવું પડે.
સિંહ: આયોજન સફળતા પૂર્વકપાર પાડી શકાય. કાર્યક્ષેત્રનો વિકાસ થાય.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. ધીરજના ફળ મીઠા.
તુલા: જીવનસાથીથી મતભેદ રહે. સામાજિક કાર્યોમાં સિધ્ધિ મળે.
વૃશ્ચિક: અપયશના ભોગ બનવું પડે. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
ધન: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા મળે. કાર્યની યોગ્ય કદર થાય.
મકર: નવિન સમાચાર મળે. ઉત્સાહ-ઉમંગનો અનુભવ થાય.
કુંભ: મનની મુરાદ બર આવે. સાહસિક કાર્યમાં સફળતા મળે.
મીન: નવિન સાહસ ન કરવું. જીવનસાથીથી સ્નેહ રહે.

ભાવનગરમાં દબાણ દૂર કરવાની કામગીરી સ્થગિત અસરગ્રસ્તોને સાંભળ્યા બાદ ૧૫ દિવસ પછી લેવાશે નિર્ણય

અમદાવાદ, તા.૩

ભાવનગરમાં જુદા-જુદા નાળા વિસ્તારમાં કાચા મકાનો-છાપરાઓ તોડી પાડવાના મુદ્દે ભાવનગર મહાનગરપાલિકા તરફથી રજૂઆત કરવામાંઆવી અરજદારોને તેમના ગેરકાયદે બાંધકામ બાબતે રજૂઆત કે જવાબ રજૂ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવશે અને ત્યારબાદ સત્તાવાળાઓદ્વારા કાયદાનુસાર ગેરકાયદે બાંધકામ તોડવા અંગે નિર્ણય કરાશે. ત્યારબાદ હાઈકોર્ટે આ રજૂઆત રેકોર્ડ ઉપર લઈને અરજીનો નિકાલ કર્યો હતો. મનપા તરફથી રજૂઆત કરાઈ હતી કે આ વિસ્તારોમાં સરકારી માલિકીની જમીન ઉપર દબાણ કરીને પાક્કા મકાનો બાંધી લેવામાં આવ્યા છે. અલબત અસરગ્રસ્તોને રજૂઆતની પૂરતી તક આપવામાં આવશે અને તેઓની રજૂઆત સાંભળવામાં આવશે. ભાવનગરમાં મોટા પાયે દબાણ દૂર કરવાની કાર્યવાહી બાદ રહીશોએ તાબડતોબ હાઈકોર્ટમાં અરજી કરી કરી અને રજૂઆત કરી હતી કે, ભાવનગર શહેરના ૧૪ જેટલા નાળા વિસ્તારમાં ભાવનગર મહાનગરપાલિકાના સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા તા.૨૩-૫-૨૦૨૩ અને તા.૨૬-૫-૨૦૨૩ના રોજ અરજદારોને નોટિસ આપી તેઓના કથીત ગેરકાયદે બાંધકામ માત્ર બે દિવસમાં દૂર કરવાનો વિવાદીત નિર્ણય જારી કર્યો હતો. અધિકારીઓ દ્વારા ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ એકટની કલમ-૨૬૦(૧)ની જોગવાઈઓનું પાલન કરાયું નથી અને પૂરતો સમય આપવામાં આવ્યો નથી. તેઓને સાંભળ્યા વગર સીધો જ ગેરકાયદે દબાણો દૂર કરવાનો હુકમ કરી નાંખ્યો છે. આ અરજીની સુનાવણી થઈ હતી અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જણાવાયું હતું અને તસવીરો રજૂ કરાઈ હતી કે કેમ સરકારી જમીન ઉપર ગેરકાયદેસર રીતે પાક્કા બાંધકામ કરી દેવાયા હતા. સુનાવણી દરમિયાન ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ટીડીઓ અને એસ્ટેટ ઓફિસર અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહ્યા હતા. તેઓએ મ્યુનિસિપલ કમિશનર એન.વી.ઉપાધ્યાય સાથે વાત પણ કરી હતી અને જણાવ્યું હતું કે, અરજદારોને તેમની રજૂઆત અને નોટિસનો જવાબ આપવા માટે પંદર દિવસનો સમય અપાશે અને તેઓની રજૂઆત સાંભળ્યા બાદ પ્રસ્તુત કેસમાં જરૂરી હુકમ કરવામાં આવશે. આ નિવેદન ધ્યાનમાં લઈને હાઈકોર્ટે રિટનો નિકાલ કર્યો હતો.

વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં ૪૦-૫૦ ટકાનો ઘટાડો થયો છે પરંતુ ભારતીય ઉપભોક્તાઓને હજુ પણ વધુ ચૂકવણી કરવી પડી રહી છે

નવીદિલ્હી, તા.૩

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ ગયા અઠવાડિયે કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII)ની 'પાવરિંગ અમૃતકાળ થ્રુ એનર્જી ટ્રાન્ઝિશન' શીર્ષકની ઈવેન્ટમાં વ્યાજબી ભાવે ઊર્જા અંગે વાત કરીહતી અને ભારતીય ગ્રાહકોને પોસાય તેવા ઈંધણના ગુણોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, ભારત સફળતાપૂર્વક ગ્રાહકો માટે અસરકારક કિંમતને સેટ કરવામાં સફળ રહ્યું છે, આ રીતે સામાન્ય માણસને મોંઘવારી અને આંતરરાષ્ટ્રીય કિંમતોમાં અસ્થિરતાથી સુરક્ષિત કરે છે. યુક્રેનઉપર રશિયાના આક્રમણને કારણે ફેબ્રુઆરી ૨૦૨૨માં વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયા બાદ મંત્રી જાહેર ક્ષેત્રના ઈંધણના છૂટક વિક્રેતાઓના ભાવમાં વધારો કર્યો ન હતો તેનો ઉલ્લેખ કરી રહ્યા હતા. મંત્રીએ કહ્યું કે, ખાનગી ક્ષેત્રના ઈંધણ રિટેલરો તે સમયે પેટ્રોલ અને ડીઝલ વેચવા તૈયાર ન હતા. જાહેર ક્ષેત્રના ઈંધણના છૂટક વિક્રેતાઓ, જેઓ ભારતમાં ઈંધણના છૂટક બજારનો મુખ્ય હિસ્સો નિયંત્રિત કરે છે અને સરકાર સાથે જોડાયેલા છે, તેમણે સારા કોર્પોરેટ નાગરિકો તરીકે ભાવ વધાર્યા ન હતા અને પેટ્રોલ અને ડીઝલ ખોટમાં વેચતા હતા. ખાનગી ક્ષેત્રના રિટેલિંગ સ્ટેશનોએ નક્કી કર્યું હતું કે, તેઓ કટોકટીની પરિસ્થિતિમાં અર્થતંત્રમાં સૌથી મૂળભૂત આવશ્યકતા એવા તેલ માટે જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs)ના આઉટલેટ્સ પર સસ્તું ઈંધણ ઉપલબ્ધ કરાવ્યું હતું. જો કે, બિઝનેસ સ્ટાન્ડર્ડના અહેવાલમાં જણાવાયું છે કે, પેટ્રોલ અને ડીઝલના આંતરરાષ્ટ્રીય દરો ગયા વર્ષના રેકોર્ડસ્તરોથી ૪૦થી ૫૦% ઘટ્યા પછી પણ ભારતમાં ગ્રાહકો હજુપણ ઈંધણ માટે વધુ ચૂકવણી કરી રહ્યા છે. પુરીએ જણાવ્યું હતુ કે, એવા સંકેતો છે કે, ખાનગી ક્ષેત્રની કંપનીઓ તેમની ખોટ કવર કરવા માંગે છે રિટેલર્સને હવે ખોટમાં પેટ્રોલ અને ડીઝલ વેચવાની ફરજ પડી નથી. પેટ્રોલિયમ મંત્રાલયના ડેટા મુજબ, ભારતમાં લગભગ ૮૭,૦૦૦ ફ્યુઅલ રિટેલ આઉટલેટ્સ છે, જેમાંથી લગભગ ૮૩૦૦ ખાનગી ક્ષેત્રના અને મુખ્યત્વે નયારા એનર્જી અને **RIL (Jiobp)**ના છે. નયારા એનર્જીમાં લગભગ ૬૪૦૦ ફ્યુઅલ સ્ટેશન છે, જ્યારે **Jio-bp** પાસે ૧૫૦૦ કરતાં વધુ સ્ટેશન છે.

ભાજપ તરફી એકાઉન્ટ્સ દ્વારા CJI ચંદ્રચૂડ ઉપર સોશિયલ મીડિયા ઉપર પ્રહારો કરવામાં આવી રહ્યા છે : સંશોધનમાં તથ્ય સામે આવ્યું

(એજન્સી)તા.૩

તાજેતરમાં પ્રકાશિત થયેલ નવું સંશોધન એવું દર્શાવે છે કે, ભારતના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ ઉપર સોશિયલ મીડિયાના હુમલાઓ તેમને દેશના આંતરિક દુશ્મન, વિદેશી એજન્ટ અને લોકશાહી માટે જોખમ તરીકે રજૂ કરે છે અને આ હુમલાઓ સત્તાધારી ભારતીય જનતાપાર્ટી સાથે જોડાયેલા ડિજિટલ પ્રભાવકો દ્વારા કરવામાં આવે છે. તેમાં ચંદ્રચુડના ચુકાદાઓને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ માટે ભાજપ માટે ખતરા તરીકે જોવામાં આવે છે. યુનિવર્સિટી ઓફ મિશિગન સ્કૂલ ઓફ ઈન્ફોર્મેશનના સહયોગી પ્રોફેસર, જોયોજીત પાલે ટ્વિટર ઉપર સારાંશમાં લખ્યું હતું કે, ચંદ્રચુડના વિરોધીઓ દાવો કરે છે કે તે વૈશ્વિકવાદી હિતો દ્વારા સંચાલિત છે, ઉદાર વિચાર દ્વારા પ્રેરિત છે. ચંદ્રચુડ ઉપર સોશિયલ મીડિયાના હુમલાઓ છે-ભત્રીજાવાદની કલ્પના સાથે પણ સંકળાયેલા છે, કારણ કે તેમના પિતા વાય વી ચંદ્રચુડ ૧૯૭૮થી ૧૯૮૫ સુધી મુખ્ય ન્યાયાધીશ હતા. આવા હુમલાઓ ઉપર લગામ લગાવવાની જરૂર છે. સંશોધકોએ જણાવ્યું હતું કે રાજકારણીઓ અને મુખ્ય પ્રવાહના મીડિયા સક્રિય ભાગ ભજવે છે એવી અન્ય ટ્રોલિંગ પરિસ્થિતિઓથી વિપરીત અહીં, પ્રભાવકો તરફથી આક્રમક કાર્યવાહી થાય છે. ૧ જાન્યુઆરી અને ૨૦ એપ્રિલ વચ્ચેની ટ્વિટર પ્રવૃત્તિની તપાસ કરતા, અગ્રવાલ અને પાલે ચંદ્રચુડ ઉપર ઓનલાઈન હુમલો કરનારા ટોચના ડિજિટલ પ્રભાવકોને ઈસ્કોન ધાર્મિક જૂથના પ્રવક્તા રાધારમણ દાસ તરીકે ઓળખાવ્યા હતા. જેનું રામપ્રસાદ નામનું એકાઉન્ટ છે અને અભિજિત અય્યર-મિત્રા, જે મોદી તરફી સાઈટ ઓપઈન્ડિયાના કટારલેખક છે. મુખ્ય ન્યાયાધીશ ઉપર હુમલાની સમયરેખાનો અભ્યાસ કરતા, સંશોધકોએ નોંધ્યું કે આ હુમલાઓ સામાન્ય રીતે કોર્ટમાં તેમના ચુકાદા વિશે હતા. સંશોધકોએ જણાવ્યું હતું કે ચંદ્રચુડ ઉપર ઓનલાઈન હુમલો કરવા માટેનું એક કારણ તેમનો કથિત હિંદુ વિરોધી પક્ષપાત છે. ચંદ્રચૂડને હિન્દુ વિરોધી તરીકે રજૂ કરવામાં આવે છે. સંશોધકોએ જણાવ્યું હતું કે, લઘુમતીઓના માનવાધિકારો સાથે સંકળાયેલા ચુકાદાઓ અંગે ઉદાહરણ પોસ્ટ કરીને, ચંદ્રચુડને એવા કિસ્સાઓ પ્રત્યે ઉદાસીન તરીકે રજૂ કરવામાં આવે છે જેમાં હિંદુઓ કથિત રીતે હુમલા હેઠળ હોય છે. સંશોધકોએ કહ્યું કે, આવા ટ્વીટ્સ સ્પષ્ટ ઈસ્લામોફોબિયા દર્શાવે છે. તે જ રીતે, આ સંદેશાઓમાં ખોટી માહિતી હોય છે. વંશવાદી રાજકારણ અથવા ભાઈ-ભત્રીજાવાદના આક્ષેપો સાથે વિપક્ષો ઉપર ભાજપના હુમલાઓની જેમ, ભાજપ તરફ ઝુકાવતા પ્રભાવકો દ્વારા ચંદ્રચુડની કારકિર્દીને અને તેમના પિતા વાયવી ચંદ્રચુડને બદનામ કરવાના પ્રયાસો કરવામાં આવે છે. ચંદ્રચુડ ઉપર તેમના ઉદાર મૂલ્યોની હિમાયત માટે ઓનલાઈન હુમલો કરવામાં આવે છે. **"#NotMyCJI"** જેવા હેશટેગ્સનો ઉપયોગ ચંદ્રચૂડ ઉપર હુમલો કરવા માટે કરવામાં આવે છે. સંશોધકોએ જણાવ્યું હતું કે આ હુમલાઓ આક્રમક સોશિયલ મીડિયા પ્રવૃત્તિ સાથે સંરેખિત છે જે દાવો કરે છે કે ભારત અમેરિકન યુનિવર્સિટીઓ દ્વારા વૈશ્વિક ડાબેરી ઝુકાવ ધરાવતા ઉચ્ચ વર્ગના હુમલાઓ હેઠળ છે. આનાથી એવી ધારણા ઊભી થાય છે કે ચંદ્રચુડ, ભારતમાં ઉચ્ચ બંધારણીય હોદ્દા ઉપર, એક કઠપૂતળી છે અને એક એવા વ્યક્તિ છે જેને કોઈ જૂથ દ્વારા ગુપ્ત રીતે નિયંત્રિત કરવામાં આવે છે.

વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાને કેન્દ્ર સરકારની મંજૂરી

નવીદિલ્હી, તા.૩

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને ફાયદો થાય તે હેતુથી અન્ન સંગ્રહ યોજના શરૂ કરવામાં આવી છે. કેબિનેટની બેઠક બાદ મોદી સરકારે આ નિર્ણય લીધો છે. આ યોજના ખેડૂતો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાને મોદી સરકારે મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે આ યોજના ઉપર નિવેદન આપીને કહ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી ખાદ્ય સંગ્રહ યોજનાની મંજૂરી ઉપર નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૧૪૫૦ લાખ ટનની સંગ્રહ ક્ષમતા છે અને હવે સહકારી ક્ષેત્રમાં ૭૦૦ લાખ ટન સંગ્રહ ક્ષમતા શરૂ થશે. આ યોજના ઉપર લગભગ એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ યોજના હેઠળ દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન અનાજ સંગ્રહ ગોડાઉન બનાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, બેઠકમાં સીઆઈટીઆઈઆઈએસ ૨.૦ લોન્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના ભાગો સીઆઈટીઆઈઆઈએસ ૧.૦ જેવા જ રહેશે. તેના માટે ૧૮૬૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં સહકારી ક્ષેત્રમાં સંગ્રહ ક્ષમતામાં ઝડપથી વધારો કરવામાં આવશે. આ પછી સંગ્રહ ક્ષમતા ૨૧૫૦ લાખ ટન થશે. અનુરાગ ઠાકુરે તેને વિશ્વની સૌથી મોટી ફૂડ સ્ટોરેજ સ્કીમ ગણાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારનું આ પગલું અનનો બગાડ અટકાવશે કારણ કે, હાલમાં દેશમાં મોટા પ્રમાણમાં અનાજનો સંગ્રહ ક્ષમતાના અભાવે બગાડ થાય છે. આનાથી આયાત ઉપરની નિર્ભરતા પણ ઘટશે અને ગ્રામીણ વિસ્તારોમાં અનાજ સંગ્રહ ક્ષમતાના વિકાસને કારણે ગ્રામીણ લોકો માટે રોજગારીની તકો પણ ઊભી થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રાહક બાબતોનું મંત્રાલય, ખાદ્ય અને જાહેર વિતરણ અને ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલયની વિવિધ યોજનાઓના સંકલન દ્વારા 'સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના'ની સુવિધા માટે આંતર મંત્રીમંડળ સમિતિ (આઈએમસી)ના બંધારણ અને સશક્તિકરણને મંજૂરી આપી છે. વ્યવસાયિક રીતે યોજનાના સમયબદ્ધ અને સમાન અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે, સહકાર મંત્રાલય દેશના વિવિધ રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોના ઓછામાં ઓછા ૧૦ પસંદ કરેલા જિલ્લાઓમાં એક પાયલોટ પ્રોજેકટ અમલમાં મૂકશે. પાયલોટ પ્રોજેકટની વિવિધ પ્રાદેશિક આવશ્યકતાઓમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરશે, જેમાંથી શીખવા માટે યોજનાના દેશવ્યાપી અમલીકરણ માટે યોગ્ય રીતે સમાવિષ્ટ કરવામાં આવશે. સહકાર પ્રધાનની અધ્યક્ષતામાં એક આંતર-મંત્રાલય સમિતિ (આઈએમસી)ની રચના કરવામાં આવશે, જેમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન, ગ્રાહક બાબતોના પ્રધાન, ખાદ્ય અને જાહેર વિતરણ પ્રધાન, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ પ્રધાન અને માર્ગદર્શિકામાં ફેરફાર કરવા સભ્યો તરીકે સંબંધિત સચિવો હશે. કૃષિ માટે ગોડાઉન વગેરે જેવી માળખાકીય સુવિધાઓના નિર્માણ દ્વારા સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજનાની સુવિધા માટે, મંજૂર કરાયેલા ખર્ચ અને નિર્ધારિત ધ્યેયોની અંદર અને જ્યારે જરૂર પડે ત્યારે સંબંધિત મંત્રાલયોની યોજનાઓના અમલીકરણની પદ્ધતિઓ અને સંલગ્ન હેતુઓ, પસંદ કરેલ વ્યવહારૂ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (પીએસીએસ) માટે રહેશે. સંબંધિત મંત્રાલયોની ઓળખાયેલ યોજનાઓ હેઠળ પ્રદાન કરવામાં આવેલ ઉપલબ્ધ ખર્ચનો ઉપયોગ કરીને યોજના અમલમાં મૂકવામાં આવશે.

શા માટે ચીન પૃથ્વીના પોપડામાં ૩૨,૮૦૮ ફૂટ ઊંડું બોરહોલ કરી રહ્યું છે

નવીદિલ્હી, તા.૩

ચીનના વૈજ્ઞાનિકોએ પૃથ્વીના પોપડામાં ૧૦,૦૦૦ મીટર (૩૨,૮૦૮ ફૂટ) છિદ્ર ડ્રિલ કરવાનું શરૂ કર્યું છે, કારણ કે, વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ગ્રહની સપાટીની ઉપર અને નીચે નવી સરહદોની શોધ કરે છે. સત્તાવાર શિન્હુઆ સમાચાર સંસ્થાના જણાવ્યા અનુસાર, મંગળવારના રોજ દેશના તેલથી સમૃદ્ધ શિનજિયાંગ પ્રદેશમાં ચીનના અત્યાર સુધીના સૌથી ઊંડા બોરહોલ માટે ડ્રિલિંગ શરૂ કરવામાં આવ્યું હતું, તે દિવસે વહેલી સવારે ચીને તેના પ્રથમ નાગરિક અવકાશયાત્રીને ગોબી રણમાંથી અવકાશમાં મોકલ્યો હતો. અહેવાલ મુજબ, જમીનમાં સાંકડી ભાલ ૧૦થી વધુ ખંડીય સ્તરો અથવા ખડકોના સ્તરોમાં પ્રવેશ કરશે અને પૃથ્વીના પોપડામાં ક્રેટેશિયસ સિસ્ટમ સુધી પહોંચશે, જે લગભગ ૧૪૫ મિલિયન વર્ષો પહેલાના ખડકને દર્શાવે છે. ચાઈનીઝ એકેડેમી ઓફ એન્જિનિયરિંગના વિજ્ઞાની સન જિનશેંગે સિન્હુઆને જણાવ્યું હતું કે, ડ્રિલિંગ પ્રોજેક્ટના બાંધકામની મુશ્કેલીની તુલના બે પાતળા સ્ટીલ કેબલ ઉપર ચાલતી મોટી ટ્રક સાથે કરી શકાય છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગે ૨૦૨૧માં દેશના કેટલાક અગ્રણી વૈજ્ઞાનિકોને સંબોધતા ભાષણમાં પૃથ્વીના ઊંડા સંશોધનમાં વધુ પ્રગતિ માટેની હાકલ કરી હતી. આ પ્રકારનું કાર્ય ખનીજ અને ઊર્જા સંસાધનોને ઓળખી શકે છે અને ભૂકંપ અને જ્વાળામુખી ફાટવા જેવી પર્યાવરણીય આપત્તિઓના જોખમોનું મૂલ્યાંકન કરવામાં મદદ કરી શકે છે. પૃથ્વી ઉપરનો સૌથી ઊંડો માનવસર્જિત છિદ્ર હજુ પણ રશિયન કોલા સુપરદીપ બોરહોલ છે, જે ૨૦ વર્ષના ડ્રિલિંગ પછી ૧૯૮૯માં ૧૨,૨૬૨ મીટર (૪૦,૨૩૦ ફૂટ)ની ઊંડાઈએ પહોંચ્યો હતો.

'રાષ્ટ્રીય સ્તરે વિરોધ પક્ષો એક સાથે છે' : મમતા બેનરજી

(એજન્સી)તા.૩

પશ્ચિમ બંગાળના કોંગ્રેસના એકમાત્ર ધારાસભ્ય તૃણમૂલ કોંગ્રેસ (TMC)માં પક્ષપલટો કરીને જોડાયા પછી મુખ્યમંત્રી અને TMC અધ્યક્ષ મમતા બેનરજીએ જણાવ્યું છે કે કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ રાષ્ટ્રીય સ્તરે એક સાથે છે અને કોંગ્રેસના આ સભ્યનો પક્ષપલટો એ ધારાસભ્યનો સ્થાનિક મુદ્દો હતો. બેનરજીએ કોંગ્રેસના ધારાસભ્યબેરોન બિસ્વાસ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, અમે બધા રાષ્ટ્રીય સ્તરે એક સાથે છીએ. રાજય સ્તરે, તમામ પક્ષોએ સમજવું જોઈએ કે રાજય પક્ષોની તેમની પોતાની જવાબદારી છે. બિસ્વાસના પક્ષપલટાનો ઉલ્લેખ કરતી વખતે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે આ વિપક્ષની એકતાને મજબૂત કરવા માટે નથી અને તેનાથી માત્ર ભાજપના ઉદ્દેશ્યો પૂરા થશે. રમેશે ટ્વીટ કર્યું કે, ઐતિહાસિક જીત સાથે કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચૂંટાયાના ત્રણ મહિના પછી, બેરોન બિસ્વાસને પશ્ચિમ બંગાળમાં ટીએમસી દ્વારા લાલચ આપવામાં આવી છે. આ સાગરદીઘી વિધાનસભા મતવિસ્તારની જનતાના જનાદેશ સાથે વિશ્વાસઘાત છે. આવી જ ઘટનાઓ અગાઉ ગોવા, મેઘાલય, ત્રિપુરા અને અન્ય રાજ્યોમાં થઈ છે અને તેનાથી વિપક્ષી એકતા મજબૂત થશે નહીં અને માત્ર ભાજપના ઉદ્દેશ્યો સફળ થશે. ટીએમસી અધ્યક્ષે આ ટીકા પછી કહ્યું કે અમારી પાર્ટીએ માત્ર અમુક જ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઊભા રાખ્યા છે, કોંગ્રેસ જ્યાં વિધાનસભા ચૂંટણી લડે છે તે બધા રાજ્યોમાં નહીં. અમે માત્ર મેઘાલય અને ગોવામાં જ ચૂંટણી લડી છે. પરંતુ જ્યારે કોંગ્રેસે રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ગુજરાત અને છત્તીસગઢમાં ચૂંટણી લડી ત્યારે અમે ક્યારેય તેઓને પરેશાન થયા નથી. તેમને ખલેલ પહોંચાડવાને બદલે અમે તેમને ટેકો આપ્યો છે. મુખ્ય પ્રધાને ચૂંટણી પંચ દ્વારા તેમના પક્ષના રાષ્ટ્રીય પક્ષનો દરજજો ડાઉનગ્રેડ કરવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે માત્ર ભાજપ અને કોંગ્રેસ જ રાષ્ટ્રીય પક્ષો રહેવા માંગે છે. ૨૦૨૬ સુધી અમારી પાસે રાષ્ટ્રીય પક્ષનો દરજજો હતો પરંતુ ચૂંટણી પંચે જે કર્યું તે યોગ્ય ન હતું. બેનરજીએ પુષ્ટિ કરી કે તેઓ ૧૨ જૂને પટનામાં યોજાનારી વિપક્ષી પાર્ટીઓની બેઠકમાં ભાગ લેશે. મેં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને પટનામાં વિરોધ પક્ષોની બેઠક યોજવાનું કહ્યું હતું. તેમણે મને એક દિવસ પહેલા પૂછ્યું અને મેં પુષ્ટિ કરી કે હું ભાગ લઈશ. કેટલાક રાજકીય પક્ષો ઈચ્છતા હતા કે આ બેઠક દિલ્હીમાં યોજાય પરંતુ જયપ્રકાશ નારાયણે બિહારથી ફોન કર્યો હોવાથી પટનામાં બેઠક યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં, કુમાર અને નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવે કોલકાતામાં બેનરજી સાથે મુલાકાત કરી હતી જ્યાં તેમણે તેમને પટનામાં વિરોધ પક્ષોની બેઠક બોલાવવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રીએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ અને ભાજપના સાંસદ બ્રિજભૂષણ સરનસિંહ સામે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા કુસ્તીબાજોને તેમનું સમર્થન આપ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે તેણીએ ટેલિફોન ઉપર કુસ્તીબાજો સાથે વાત કરી છે અને વિરોધ કરી રહેલા કુસ્તીબાજોના સમર્થનમાં કોલકાતામાં એક રેલી યોજવામાં આવશે અને રાજ્યના રમતગમત મંત્રી અરૂપ બિશ્વાસ અને ઘણા ખેલૈયાઓ આ રેલીમાં ભાગ લેશે. બેનરજીએ કહ્યું હતું કે તેમણે કેન્દ્રને પત્ર લખીને મણિપુરની મુલાકાત લેવાની પરવાનગી માંગી છે જ્યાં સમુદાયો વચ્ચેની અથડામણમાં અનેક લોકોના મોત થયા છે. હું મણિપુરના લોકો સાથે રહેવા માંગુ છું. મારો કોઈ પ્રોટોકોલનો ભંગ કરવાનો કોઈ ઈરાદો નથી પરંતુ રાજયના શાંતિપ્રેમી લોકો સાથે રહેવા માંગું છું. ભૂતકાળમાં પણ તેમણે મણિપુરની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેણીએ ગૃહ પ્રધાન અમિત શાહની રાજ્યની મુલાકાતમાં 'વિલંબ' ઉપર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું કે ત્યાં હજુ પણ હિંસા થઈ રહી છે.

ધોરણ-૧૦ના ૩૫ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા અથવા ડ્રોપ આઉટ થયા છે અને ધોરણ-૧૧માં પ્રવેશ મેળવી શક્યા નથી : શિક્ષણ મંત્રાલયનું વિશ્લેષણ

નવી દિલ્હી તા.૩

શિક્ષણ મંત્રાલય (MoE) દ્વારા હાથ ધરવામાં આવેલ વિશ્લેષણ મુજબ, ૨૦૨૧-૨૦૨૨માં ધોરણ ૧૦માં નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી આશરે ૩૫ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૧માં પ્રવેશ મેળવી શકયા ન હતા. આ ૩૫ લાખ વિદ્યાર્થીઓમાંથી ૨૭.૫ લાખ નાપાસ થયા હતા અને ૭.૫ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ની પરીક્ષા આપી શક્યા ન હતા. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) અને કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન્સ (CISCE) સહિત કેન્દ્રીય બોર્ડમાં વિદ્યાર્થીઓનો નિષ્ફળતા દર ૫% જેટલો નીચો છે, અને રાજ્ય બોર્ડમાં આ દર ૧૬% જેટલો હોઈ શકે છે. શાળા શિક્ષણ સચિવ, સંજય કુમારે જણાવ્યું હતું કે વિવિધ બોર્ડમાં ભણાવવામાં આવતા અભ્યાસક્રમમાં નોંધપાત્ર તફાવત છે, ખાસ કરીને ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન એ રાષ્ટ્રીય સ્તરની સામાન્ય પરીક્ષાઓ માટે અવરોધ છે, જેમાં કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET), જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામિનેશન (JEE), અને નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) છે. કુમારે જણાવ્યું હતું કે MoEએ હવે નેશનલ ટેસ્ટિંગ એજન્સી પાસેથી NEET માટે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓના ડેટાની વિનંતી કરી છે, અને મંત્રાલયે વિશ્લેષણ કરવા માંગે છે કે કયા બોર્ડ NEETમાં સારૂ પ્રદર્શન કરે છે. જે ૩૫ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે અથવા ધોરણ ૧૦ની પરીક્ષામાં હાજર રહી શકયા નથી, તેમાંથી માત્ર ૪.૫ લાખ વિદ્યાર્થીઓ જ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓપન સ્કૂલિંગ (NIOS) દ્વારા પરીક્ષા આપે છે અને તેમાં પણ નિષ્ફળતાનો દર ૪૭%થી ૫૫%ની વચ્ચે હોય છે. મોટી સંખ્યામાં એવા વિદ્યાર્થીઓ છે જેઓ ધોરણ ૧૦ પછી ઘણા ઓછા ઓપન સ્કૂલિંગ માટે જઈ રહ્યા છે. MoE દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં પાસ થવા અને નાપાસ થતા વિદ્યાર્થીઓના રાજયવાર ડેટાનું વિશ્લેષણ દર્શાવે છે કે ભારતમાં ૬૦ જેટલા રાજ્ય બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિણામો એક રાજયથી બીજા રાજયમાં નોંધપાત્ર રીતે બદલાય છે. ૮૫% ડ્રોપઆઉટ અથવા લગભગ ૩૦ લાખ વિદ્યાર્થીઓ માત્ર ૧૧ રાજ્યોના છે. જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, ગુજરાત, તમિલનાડુ, રાજસ્થાન, કર્ણાટક, આસામ, પશ્ચિમ બંગાળ, હરિયાણા અને છત્તીસગઢ છે. બોર્ડના પરિણામોનું વિશ્લેષણ કરવાનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ દ્વારા ભલામણ કરાયેલ બોર્ડની પરીક્ષાઓને માનક બનાવવાનો છે જેના માટે MoE એક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર - PARAKH- સ્ટાન્ડર્ડ-સેટિંગ બોડી તરીકે સ્થાપિત કરી રહ્યું છે. આ વિશ્લેષણ દર્શાવે છે કે, મેઘાલયમાં ધોરણ ૧૦માં પાસ થયેલા વિદ્યાર્થીઓની ટકાવારી ૫૭% જેટલી ઓછી છે. મધ્ય પ્રદેશમાં, તે ૬૧% છે, જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં તે ૬૨% છે. પંજાબમાં તે ૯૭.૮% છે. કેરળમાં પાસિંગ રેટ ૯૯.૮૫% છે. અમે ઈચ્છીએ છીએ કે તમામ રાજયોના વિદ્યાર્થીઓ તેજસ્વી બને અને તેઓને સમાન તકો મળે તો તે શ્રેષ્ઠ બની શકે છે. રાજ્ય બોર્ડમાં ઓછા પ્રશિક્ષિત શિક્ષકો છે જે આશરે ૧૨ લાખ છે, અને દરેક શાળા દીઠ સરેરાશ ૧૦ શિક્ષકો છે. MoEના નિષ્ણાતોએ તાલીમ વિષય શિક્ષકો અને વધુ ભરતી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની ભલામણ કરી છે અને ઓપન સ્કૂલની પરીક્ષાઓમાં સુધારાની જરૂર છે. ૭.૫ લાખ વિદ્યાર્થીઓ, જેઓ પરીક્ષામાં હાજર ન રહી શકયા હોય તેઓને કૌશલ્ય આધારિત તાલીમ આપી શકાય છે.

ભારતભરમાં ૨૭ મેની 'ધ મીની ટ્રેક્ટર ડે' તરીકે ઉજવણી

વર્ષ ૧૯૯૮માં ૨૭મી મેના રોજ ભારતનું પ્રથમ ૧૦૦% સ્વદેશીકૃત મીની ટ્રેક્ટર બહાર બનાવામાં હતું

ભારતભરમાં ૧૨૫ થી વધારે સ્થળો ઉપર ખેડૂતો દ્વારા આ દિવસની અનોખી ઉજવણી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩

ભારતની લગભગ ૬૦% વસ્તી ખેતી ઉપર નિર્ભર છે ત્યારે ખેડૂતોને ખેતી કરવામાં ખુબજ સુગમતા પડે તે માટે વર્ષ ૧૯૯૮ ની ૨૭ મીમે ના રોજ ભારતનાં ૨ સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા શ્રી જી.ટી.પટેલ અને શ્રી એમ.ટી.પટેલદ્વારા ભારતનુંપ્રથમ ૧૦૦% સ્વદેશીકૃત મીની ટ્રેક્ટર બહાર પાડવામાં આવ્યું હતું. જેના અનુસંધાને તાજેતરમાં ૨૭મે ૨૦૨૩ ને "ધ મીની ટ્રેક્ટર ડે" તરીકે ઉજવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૪ માં વિવિધ પ્રયોગો સાથે શરૂ કરીને અંતે ૧૯૯૮ માં ગુજરાત ના રાજકોટ ખાતે ભારતનાંસર્વપ્રથમ મીનીટ્રેક્ટરનો ઉદય થયો હતો. જેની ભારતભરમાં ૧૨૫ થી વધારે સ્થળો ઉપર ખેડૂતો દ્વારા આ દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

આ મીની ટ્રેક્ટર નાના અને સીમાંત ખેડૂતોને ખેતીમાં યાંત્રીકરણ દ્વારા પોતાની ખેતીનો વિકાસ, ખેડૂતની પોતાનીઆવકમાં વધારોઅને ખેતીની રોજબરોજની સમસ્યાનાં નિરાકરણના હેતુંથી કરવામાંઆવ્યોહતો. તેસમયેઆ ટ્રેક્ટર તેમનાં માટે એક આશાનાં કિરણ સમાન હતું. તેમની સતત મહેનત, દ્રઢ મનોબળનાં લીધે આજે આમીની ટ્રેક્ટર ખેડૂતો માટે એક વરદાન સ્વરૂપ સાબિત થયું છે. આજે દર વર્ષેલગભગ ૧.૨૫ લાખથી વધુ ખેડૂતો આ ટ્રેક્ટર ને આપનાવીરહ્યા છે અનેભવિષ્યમાં પણ આ ટ્રેક્ટર લાખો ખેડૂતોની જિંદગી બદલશે. જેથી આ મહત્વનાંદિવસને "ધ મીનીટ્રેક્ટર ડે" તરીકે ઉજવાયો.

આ મીની ટ્રેક્ટરની શોધ કરનાર જી.ટી.પટેલ અને એમ.ટી.પટેલને ભારત સરકાર દ્વારા ૧૦વધારે રાષ્ટ્રીયપુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે. કેપ્ટન ટ્રેક્ટર્સ દ્વારા આ દિવસે તેમનીદરેકડીલરશીપ ઉપરખેડૂત સંમેલન, ટ્રેક્ટર ડીલીવરી, સર્વિસ કેમ્પ, જેવી પ્રવૃતી કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભારતભરમાં ૧૨૫ થી વધારે સ્થળો ઉપર ખેડૂતો દ્વારા આ દિવસની સહર્ષ ઉજવણી સાથે મીની ટ્રેકટરના જુના તેમજ નવા ગ્રાહકો મળી અને આ દિવસને એક ઉત્સવ તરીકે ઉજવ્યો હતો.

CELEBRATING
29 YEAR OF EXCELLENCE
THE MINI TRACTOR DAY

વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઇન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરા દ્વારા ઓટો રીક્ષામાં ભુલી ગયેલ થેલો નેત્રમ શાખા દ્વારા શોધી અપાયો

NETRAM
VISWAS PROJECT

જૂનાગઢ, તા.૩

તાજેતરમાં બનોલા એક બનાવમાં અરજદાર ઉષાબેન વીનોદભાઈ માણેક મજેવડી દરવાજા પાસે અને વેરાવળ થી જૂનાગઢ જવા માટે ટેક્ષીમાં બેઠેલ, ટેક્ષીમાં એક થેલો કે કે જેમાં નવા કપડા સહીતના સામાન તથા અન્ય વસ્તુ મળી કુલ રૂા.૨૫૦૦/- ની કીંમતનો થેલો જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે ઉતરતા સમયે ટેક્ષીમાં ભુલી ગયેલ જે થેલો ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય તે અને તેમના પરીવારવ્યથિત થઈ ગયેલ હતા. આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસસ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશનખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

જૂનાગઢ હેડ કવા. ડીવાયએસપી એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, પો.કોન્સ. ચેતનભાઈ સોલંકી, કુસુમબેન મેવાડા, એન્જીનીયર નીતલબેન મેતા સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી ઉષાબેન વીનોદભાઈ માણેક બસ સ્ટેન્ડ ખાતે જે ટેક્ષીમાં ઉતરેલ, તે સમગ્ર રૂટના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા ઉષાબેન વીનોદભાઈ માણેક જે ટેક્ષીમાં બેઠેલ તે ઓટો ટેક્ષીના નં **GJ ૧૧ AB** ૩૩૮૫ શોધી કાઢવામાં આવેલ.

જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ટેક્ષી ચાલકને શોધી ઉક્ત થેલો કે જેમાં ઉષાબેન વીનોદભાઈ માણેકનો રૂા.૨,૫૦૦ની કીંમતના સામાનનો થેલો નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા શોધી આપેલ. નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા પોતાના કીંમતી સામાનનો થેલો સહી સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને ઉષાબેન વીનોદભાઈ માણેક દ્વારા નેત્રમ શાખાના પોલીસ સ્ટાફનો આભાર પણ વ્યકત કર્યો હતો.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિતેજા વાશમ સેટ્ટી દ્વારા પણ સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રૂા.૨,૫૦૦/-ની કીંમતનો ખોવાયેલ થેલો ગણતરીની કલાકોમાં શોધી પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી "પોલીસ પ્રજાનોમિત્ર છે" એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

ખંભાળિયામાં જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ

સિવિલ હોસ્પિટલમાં રૂા.૨૫.૮૦ લાખના ખર્ચે વિવિધ સાધનોની કરાશે ખરીદી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર અશોક શર્માના અધ્યક્ષ સ્થાને રોગી કલ્યાણ સમિતીની બેઠક મળી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના રોગી કલ્યાણ સમિતીના ચેરમેન અને જિલ્લા કલેકટર અશોક શર્માના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં સારવાર અર્થે આવતા દર્દીઓને ઉત્તમ સારવાર મળી રહે, ગુણવત્તા સુધરે તે અંગેના નિર્ણયો લેવામાંઆવ્યા હતા. આ ઉપરાંત ખંભાળિયાની સિવિલ હોસ્પિટલ માટે રૂપિયા ૨૫.૮૦ લાખના ખર્ચે વિવિધ વિભાગમાં જરૂરી સાધનો તથા ઉપકરણોની ખરીદી માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં કલેકટર દ્વારા હોસ્પિટલમાં સ્વચ્છતા જાળવવા, તેમજ ઈમરજન્સી કેસમાં દર્દીઓની સારવારમાં કોઈ પણ પ્રકારનો અવરોધ ઊભો ના થાય તેની તકેદારી રાખવા જણાવ્યું હતું. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એમ.એન.ભંડેરી, હોસ્પિટલના અધિક્ષક ડો. મનોજ કપૂર, ડો. કેતન ભારથી, દીપકભાઈ કણજારિયા, ડો. જોષી, ધીરેનભાઈ બદિયાણી, હરિભાઈ નકુમ, પરબતભાઈ ભાદરકા, ડો. રિયાઝ પરમાર, ડો. એલ.એન. કનારા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળિયાની ૧૦૮ ટીમ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ડેમોસ્ટ્રેશન કરાયું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળિયા લોકેશનની ૧૦૮ ઈમરજન્સી ટીમ દ્વારા અહીં આવેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટના મુખ્ય કાર્યાલય ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારીઓને ૧૦૮ ઈમરજન્સી વિશે ખૂબ જ ઊંડાણપૂર્વક સમજાવી, આપાતકાલીન પરિસ્થિતિમાં ૧૦૮ નો ઉપયોગ, ૧૦૮ ઈમરજન્સીમાં રહેલી તમામ ઉપયોગી એવી સાધન સામગ્રી વિશે ઊંડાણપૂર્વકની સમજણ આપી અને ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ ડેમોસ્ટ્રેશનના આયોજનમાં ૧૦૮ ખંભાળિયાના ઈ.એમ.ટી. જુનેદભાઈ અને ૧૦૮ ઈમરજન્સીના પાઈલોટ મનોજભાઈ દ્વારા ડેમોસ્ટ્રેશન કરી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારીઓને ૧૦૮ ની કામગીરી વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગો ટેક રાજકોટમાં માણાવદરના ભૂદેવોનું અનોખું સેવા કાર્ય

પાંચ દિવસના શ્રી ગો ગાયત્રી યાગમાં અંદાજે ૪૫૦૦ ગો ભકતોએ આહુતિ, પ્રસાદી અને દર્શનનો લાભ લીધો : ગો માતા આધારિત વિવિધ ઉદ્યોગની વ્યાપક જાણકારી અને માર્ગદર્શન

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૩

ભારતનો સો પ્રથમ ગો ટેક ૨૦૨૩ વિરાટ પ્રદર્શન રાજકોટના રેસકોસ મેદાનમાં ૨૪ મેથી ૨૮ મે સુધી આયોજન થયું હતું.૨ લાખ ૩૦ હજાર સ્કેવર ફૂટમાં કામધેનુ નગરીનું ખાસ નિર્માણ કરવામાં આવ્યુંહતું. ૪વિશાળ વાતાનુકૂલિત ડોમ ખડા કરવામાં આવ્યા હતા, દરેક ડોમને ગોમતાના નામ સુરભી, સુશીલા, સુભદ્રા, બહૂલા, કપિલા, નંદિની નામ આપવામાં આવ્યા હતા. વિરાટ ભોજન શાળાને અન્નપૂર્ણા અને સેમિનાર હોલને મંથન નામ આપવામાં આવ્યા હતા. જીસીસીઆઈ આયોજિત ગો ટેકનો મગલ પ્રારંભ વેદ મંત્રો અને શ્રી ગો ગાયત્રી યાગથી થયો હતો. પાંચ દિવસ ચાલેલા ગો ટેકમાં નિત્ય ત્રણ કુંડી ગો ગાયત્રી યાગમાં શ્રી ગો માતા પૂજન શ્રી નંદીબાબા પૂજન થયા બાદ શ્રી ગણેશજી મંત્ર હોમ, ગાયત્રી મંત્ર હોમ અને સુરભી ગો માતા મંત્ર હોમ સાથે મહાદેવ મંત્ર હોમ થયો હતો. સ્થાપનમાં ચાર વેદ અખંડ દીપ ધેનુ માનસ નર્મદા પુરાણ સાથે ગણેશજી ગાયત્રી માતા ગોમાતા સહિત દેવતાનું સ્થાપન કરવામાં આવેલ હતું. નિત્યપૂજન, અર્ચન, આરતી અને પ્રસાદ ગો ગાયત્રી યાગ યજ્ઞની ભસ્મની પ્રસાદી વિતરણ થતો. યજ્ઞ શાળા પાસે ખાસ ગો શાળા બનાવેલી હતી ગો માતા, નંદીબાબા સાથે સવારથી સાંજ સુધી નિવાસ કરતા હતા. ખાસ ૨૦ બાય ૨૦ની યજ્ઞ શાળામાં ગો મૂત્ર અને અમર કંટકના રેવા કુંડનું માં નર્મદા જળ નિત્ય આચમન અને પવિત્ર કરણ થતું. શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના સંયોજક અને ગો ઉપાસક મયૂર મો રાવલ સાથે માણાવદરથી ખાસ નિમંત્રિત વિપ્ર વુંદના સહકારમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પીના કિંગ રાજ્યગરૂ હરીશભાઈ રાજયગુરૂ અને દશેક ગાયત્રી ઉપાસકો સેવામાં જોડાયા હતા. નિત્ય સવારે ૧૦થી ૧ અને બપોરે ૪ થી ૭ શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ થતો હતો. ભારત સરકારના કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી પરસોતમ રૂપાલા, ઈફકોના ચેરમેન અને પૂર્વ કૃષિ મંત્રી દિલીપભાઈ સંઘાણી, ગુજરાતસરકારના પૂર્વ કૃષિ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજકોટ નગરના પ્રથમ નાગરિક મેયર પ્રદીપ ડવ, આયોજક ડો.વલ્લભભાઈ કથીરીયા, રામ કૃષ્ણ મિશનના પૂજ્ય પરમાત્મા નંદજી, પૂજ્યમૂકતાનંદજી, પૂજ્ય ગોપી બાવામહારાજશ્રી, પૂજ્ય, કૃષ્ણ માણી મહારાજ, માધવપ્રિયદાસજીસ્વામી સહિત રાજકોટના ધારાસભ્ય ડો.દર્શનાબેનદોશી, પૂર્વધારસભ્ય ગોવિંદભાઈ પટેલ સહિત અનેક આગેવાનો ધારાસભ્યો, ભાજપ આરએસએસ, વિશ્વ હિન્દુ પરિષદ, કિંડા ભારતી, સહકારી આગેવાનો હોંગકોંગથી અનસૂયા ગોશાળા વાળા વિજય શેઠ હરેશ સેઠ, પરિવાર, ઈસ્કોન મંદિર વૃંદાવનના કૃષ્ણનદાં સ્વામી મોદી સ્કુલ રાજકોટના વિદ્યાર્થીઓને, પોલીસ કમિશ્નર રાજકોટ અંદાજે ૪૫૦૦જેટલા ગોભક્તો મહાનુભાવો મહેમાનો દેશ વિદેશથી આવેલા મુલાકાતીઓએ યાગમાં દર્શન, પ્રસાદી અને ગો ગાયત્રી યાગની ભસ્મ પ્રસાદી લીધી હતી. ગો ટેકના ભૂમિ પૂજન શ્રી ગો ગાયત્રી યાગયજ્ઞ કરવામાં આવ્યો હતો. ગો ટેક અને જીસીસીઆઈની વિવિધ ૧૪ કમિટી છેલ્લા છ માસથી કાર્યરત હતી. ૧૦૦જેટલા કર્મઠ સાથીઓ ડો.વલ્લભભાઈ કથીરીયા, હંસરાજભાઈ ગજેરા, કલપકભાઈ મણિયાર, રાજુભાઈ ધ્રુવ, અમિતાભ ભટ્ટ નાગર, રમેશભાઈ ઘેટિયા, પૂરીસકુમાર, ગીરીશભાઈ દેવાડીયા, નિલેશભાઈ દોશી, તેજસભાઈ ચોટલિયા અને સો સાથી કાર્યકરોવતી ગો ટેકના મુખ્ય આયોજક ભારત સરકારના કામધેનું આયોગના પૂર્વ ચેરમેન પૂર્વ કેન્દ્રીયમંત્રી ડો.વલ્લભભાઈ કથીરીયા અને ડો.ડી.પી. ચિખલીયાનું સન્માન ધેનુ માનસ ગો ગાયત્રી યંત્ર અને નર્મદા ઉપવસ્ત્ર અર્પણ કરી ગો ગાયત્રી યાગયજ્ઞના સંયોજક મયૂર રાવલ સાથે ભૂદેવોએ ઓઢળી સન્માનિત કર્યા હતા. ગો ટેકના સમાપન સમારોહમાં ગુજરાત સરકારના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પૂર્વ કૃષિ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રામ કૃષ્ણ મિશન રાજકોટના વડા સ્વામી પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતી, ડો.વલ્લભ ભાઈ કથીરીયાના વરદ હસ્તે શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના સંયોજક, ગો ઉપાસક મયૂર રાવલને ગો માતાની મૂર્તિ અને સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું. પાંચ દિવસય શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞને સફળ બનાવવા માટે માણાવદરના શાસ્ત્રી મહેશભાઈ જોષી, શાસ્ત્રી અનિલકુમાર ત્રિવેદી, શાસ્ત્રી કમલેશભાઈ મહેતા, રાજુભાઈ ઠાકર સ્વામી વિશુધ્ધનંદ, જગદીશભાઈ ચાવડા અને વિપ્રવૃંદ, અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના હરીશભાઈ રાજયગુરૂ , પિનાકીગભાઈ રાજ્યગુરૂ સહિત ગો ભકતો અને ગાયત્રી ઉપાસકોએ ભારે જહેમત કરી હતી.

શરીર માટે ઘાતક બને તે પહેલા સાવચેતી જરૂરી

ફોઇલમાં 'સાચવેલો' ખોરાક ક્યાંક 'ઝેર' તો નથી બની ગયોને...!

પ્રવાસ અથવા બહારગામ ગયા હોય ત્યારે લોકો મોટા ભાગે સિલ્વર ફોઇલમાં મૂકેલી ચીજવસ્તુઓ ખાતા હોય છે. આજકાલ આ સિલ્વર ફોઇલનું પ્રચલન વધી ગયું છે. ઘણી માતાઓ પણ બાળકોને ટિફિનમાં રોટલી, પરોઠા અને સેન્ડવીચ જેવી ચીજો સિલ્વર ફોઇલમાં પેક કરીને આપે છે. એટલું જ નહીં, કાપેલાં ફળફળાદિ, શાકભાજી, સલાડ વગેરેને પણ તાજાં રાખવા માટે આ જ સિલ્વર ફોઇલનો ઉપયોગ કરતાં કોઈને સંકોચ થતો નથી ! પરંતુ સિલ્વર ફોઇલમાં રાખેલી ચીજો અંગે તાજેતરમાં થયેલો એક ચોંકાવનારો રિપોર્ટ સૌની આંખ ઉઘાડનારો બની રહે એવો છે.

એમાં સૌપ્રથમ ડાયાબિટીસના ખતરાની વાત છે. કોઈ પણ ગરમ પદાર્થને બે કલાકથી વધારે સમય સુધી સિલ્વર ફોઇલમાં રાખવો નહીં. બે કલાકથી વધારે સમય તેને રાખવાથી તેમાં એલ્યુમિનિયમના કણ ધીમેધીમે ભળવા લાગે છે. એમાં સૌપ્રથમ ડાયાબિટીસના ખતરાની વાત છે. કોઈ પણ ગરમ પદાર્થને બે કલાકથી વધારે સમય સુધી સિલ્વર ફોઇલમાં રાખવો નહીં. બે કલાકથી વધારે સમય તેને રાખવાથી તેમાં એલ્યુમિનિયમના કણ ધીમેધીમે ભળવા લાગે છે. બીજું છે, રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો. સિલ્વર ફોઇલમાં મૂકેલી ચીજો કલાકો સુધી બંધ રહેતી હોય છે. આથી તેવા ખાદ્યપદાર્થોમાં રોગ-પ્રતિકારક શક્તિ રહેતી નથી અને બીમારીની શક્યતાઓ વધી જાય છે. વળી, આમાં ખાટા ખાદ્યપદાર્થ મૂકી રાખવાથી વધારે નુકસાન થાય છે. ખાટા પદાર્થો લાંબો સમય સિલ્વર ફોઇલમાં રહેવાથી રાસાયણિક પ્રક્રિયા શરૂ થઈ જાય છે અને સિલ્વર ફોઇલના કણ ખોરાકમાં ભળવા લાગે છે. આ ઉપરાંત, વાસી ખોરાક ખાવો આરોગ્ય માટે ઘાતક પુરવાર થાય છે. કેટલાક લોકો એક દિવસનો વાસી ખોરાક ખાવા માટે એને એલ્યુમિનિયમ ફોઇલમાં મૂકી દે છે. આવા પદાર્થો આપણા શરીર માટે ઘાતક બની શકે છે. તો, વધારે ગરમ ખોરાક પણ સિલ્વર ફોઇલમાં રાખી શકાતા નથી. ગરમ ખાદ્ય પદાર્થો સિલ્વર ફોઇલમાં મૂકવાથી રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય છે અને તેમાંથી અલ્ઝાઇમર જેવી ગંભીર બીમારીનું જોખમ ઊભું થાય છે.

આપણે તો અન્નને દેવ ગણીએ છીએ તો દેવને બાંધીએ નહીં, જતનપૂર્વક આવકારીએ.

ડો. અતુલ ચગના આપઘાત કેસનો મામલો

સાંસદ રાજેશ ચુડાસમાના પિતાના આગોતરા જામીન કોર્ટે ફગાવ્યા

ગીર સોમનાથ, તા. ૩

ગીર સોમનાથમાં ડો. અતુલ ચગ આપઘાત કેસ મામલે સાંસદ રાજેશ ચુડાસમાના પિતાએ આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. જે અંગે આજે કોર્ટે સાંસદ રાજેશ ચુડાસમાના પિતાના આગોતરા જામીન ફગાવ્યા હતા. ત્યારે વેરાવળ સેશન્સ કોર્ટે નારણ ચુડાસમાની અરજી ફગાવી હતી. ગઈકાલે આગોતરા જામીન અરજી પર સુનાવણી થઈ હતી. જે મામલે આજે વેરાવળ સેશન્સ કોર્ટે ચુકાદો આપ્યો હતો. ડૉ. ચગના આપઘાત મુદ્દે સાંસદ અને તેના પિતા પર આરોપ લાગ્યા છે.

ડોકટર અતુલ ચગ આપઘાત કેસમાં ૩ મહિના બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં જૂનાગઢનાં સાંસદ રાજેશ ચુડાસમા અને તેમના પિતા નારણ ચુડાસમા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. મૃતકના દિકરા હિતાર્થની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ડોકટર અતુલ ચગની સ્યુસાઈડ નોટમાં સાંસદ રાજેશ ચુડાસમાના નામનો ઉલ્લેખ હતો.

ડોક્ટર અતુલ ચગની સ્યુસાઈડ નોટમાં સાંસદ રાજેશ ચુડાસમાના નામનો ઉલ્લેખ હતો

વેરાવળ સીટી પોલીસે અતુલ ચગ આપઘાત મામલે અકસ્માતે મોત નં. ૦૪/૨૩ સી.આર.પી.સી. કલમ ૧૭૪ તા. ૧૨.૦૨.૨૦૨૩ ના રોજ ફરિયાદ નોંધી હતી. ત્યારે ડો. અતુલ ચગનાં પુત્ર હિતાર્થે તા. ૧૭.૦૨.૨૦૨૩ નાં રોજ વેરાવળસીટી પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હતી. જે વેરાવળ સીટી પોલીસ સ્ટેશન અરજી નં.-બી ૪૩/ ૨૦૨૩ તા. ૧૭.૦૨.૨૦૨૩થી નોંધાયેલ છે. મૃતક ડો. અતુલ ચગનાં પુત્ર હિતાર્થેનોંધાવેલ ફરિયાદ મુજબ વર્ષ ૨૦૦૮માં રાજેશ ચુડાસમા અને નારણ ચુડાસમા દ્વારા કટકે-કટકે મારા પપ્પા પાસેથી દોઢથી પોણા બે કરોડ રૂપિયા જેટલી મોટી ઉછીની રકમ લઈ પરત આપી ન હતી. જેની મારા પપ્પા અવાર નવાર ઉઘરાણી કરતા મારા પપ્પાને જાનથી મારી નાંખવાની રાજેશ ચુડાસમા તેમજ નારણ ચુડાસમા ધમકી આપતા હતા. જેથી મારા પપ્પા ડરી જઈ હતપ્રત થઈ ગયા હતા. અને તા. ૧૨.૦૨.૨૦૨૩ નાં રોજ અમારા ઘરે છતમાં પંખા સાથે મફલર વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર દ્વારા ૯ વર્ષ સેવા સુશાસન અને ગરીબ કલ્યાણ કાર્યક્રમનો શુભારંભ

(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢ તા.૩

દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં શાસનકાળનાં નવ વર્ષ પુર્ણ થતા હોય ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલનાં માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માનાં અધ્યક્ષસ્થાનેથી ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર કાર્યાલય ખાતે ૯ વર્ષ સેવા સુશાસન અને ગરીબ કલ્યાણ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારે અધ્યક્ષ પુનિતભાઈ શર્માએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સુશાસનને નવ વર્ષ પુર્ણ થતાં હોય ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર છેવાડાના માનવી સુધી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની યોજનાઓ પહોંચે તે માટે કટિબદ્ધ છે તેવી લાગણી વ્યકત કરાઈ છે.

દ્વારકા નજીકના કુરંગા પાસે આજે સવારે અકસ્માતમાં બે યુવાનોના કરૂણ મૃત્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૩: દ્વારકા પોલીસ સુત્રો દ્વારા મળેલી માહિતી મુજબ કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા હિતેશભાઈ વીરાભાઈ ભાટિયા (ઉ.વ. ૨૩) અને સાગરભાઈ રામદેભાઈ ચેતરીયા (ઉ.વ. ૨૧) નામના બે મિત્રો તેમના મોટર સાયકલ મારફતે આજરોજ સવારે આશરે સાડા છ વાગ્યા આસપાસના સમયે દ્વારકા તરફ આવી રહ્યા હતા. ત્યારે કોઈ કારણોસર તેમનું મોટરસાયકલ અકસ્માતગ્રસ્ત બન્યું હતું. આ અકસ્માતમાં બંને મિત્રો હિતેશ તથા સાગર મોટરસાયકલ સાથે ફંગોળાઈ ગયા હતા અને ગંભીર ઈજાઓ સાથે તેઓને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેઓને મૃત્યુંપામેલા જાહેર કર્યા હતા. આશાસ્પદ યુવાનોના અકાળે કરૂણ મૃત્યુનાં આ બનાવે નાના એવા લાંબા ગામ સાથે આહીર સમાજમાં ભારે શોક સાથે અરેરાટી પ્રસરાવી છે. અકસ્માતના આ બનાવ અંગે દ્વારકા પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

યાત્રાધામ દ્વારકાના દરિયા કિનારે મસ્જીદ પાસે શંકાસ્પદ યાંત્રિક વસ્તુ મળી આવતા ખળભળાટ



(રાકેશસામાણી દ્વારા)

દ્વારકા તા.૩

યાત્રાધામ દ્વારકામાં ભડકેશ્વર મંદિર પાસેના દરિયા કિનારે સનસેટ પોઈન્ટ અને મસ્જીદની વચ્ચેના વિસ્તારમાંથી શંકાસ્પદ યાંત્રિક વસ્તુ સાંજના સમયે મળી આવતા ખળભડાટ મચી છે. સંદિગ્ધ વસ્તુની જાણ થતાં દ્વારકા પોલીસ ઘટના સ્થળે પહોંચી વસ્તુની સંભાળ લઈ વધુ તપાસ પોલીસે હાથ ધરી છે. યાંત્રિક વસ્તું શુ છે? દરિયામાંથી તણાઈને આવી છે ? કે પછી દરિયા કાઠે કોક મુકી ગયેલ છે? અન્યપોલીસ તપાસ બાદ બહાર આવશે.

પાકિસ્તાન કેદ મુક્ત ભારતીય માછીમારો માદરે વતન પહોંચ્યાં

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૩

પાકિસ્તાને મુકત કરેલા ૨૦૦ જેટલા ભારતીય માછીમારો ગત રાત્રે ૧૧.૩૦ વાગ્યે અમૃતસર વાઘા અટારી સરહદે પહોંચ્યા જયાં તેઓને ભારતીય સુરક્ષા એજન્સ્ને સુપ્રત કરાયા હતાં. તમામને વેરાવળ લાવવા માટે અમૃતસરથી બરોડા અને બરોડાથી વેરાવળ બસ મારફતે લાવવા તૈયારીઓ પૂર્ણ થવામાં છે. સત્તાવાર વેરાવળ પહોંચવાની તારીખ આજ બપોર સુધીમાં ખબર પડી જશે.

શ્રીકષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી કલરના ફુલોની પાંદડીનાવાઘા-લાલફુલનો દિવ્ય શણગાર

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૩

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અને શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શનિવાર નિમિત્તે તા.૩-૬-૨૦૨૩ના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી કલરના ફુલોની પાંદડીના વાઘા તેમજ સિંહાસનને લાલફુલનો દિવ્ય શણગારધરાવવામાં આવેલ તેમજ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭ કલાકે શણગારઆરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભકતો લઈ ધન્યતા અનુભવી હતી.

જૂનાગઢ : કારમાંથી ૩૦ બોટલ વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ચોબારી રોડ ઉપરથી પિયુષ મુળજીભાઈ મારડીયા (રહે. આણંદ)ને કાર નં. જીજે-૦૩-એલબી ૨૪૪૯માં વિદેશી દારૂની હેરાફેરી કરતા જુદીજુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ-૩૦, મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૫,૬૮,૭૫૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

૫ જૂન પર્યાવરણ દિવસ પહેલા આપણી પાસે રહેલા ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ કરીને પર્યાવરણને બચાવીએ

રેસકોર્સ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે શની-રવિવારે ઈ-વેસ્ટ કલેક્શન કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

ઈલેક્ટ્રોનિક ઉપકરણો નકામાં બને ત્યારે વધતો કચરો એટલે ઈ-વેસ્ટ. કમ્પ્યૂટર, લેપટોપ, મોબાઈલ,ટી.વી., રીમોટ, ચાર્જર, બેટરી, ઈલેક્ટ્રોનિક સ્પેર પાર્ટ વગેરે ઈલેક્ટ્રોનિક સાધનોની બનાવટમાં ઝેરી ધાતુઓનો ઉપયોગ કરવવામાં આવે છે. સાધનોના ઉપયોગમાં કોઈને હાની પહોંચતી નથી. પરંતુ, સાધન ઈ-વેસ્ટ બને અને તેની તોડફોડ થાય એટલે તેમાં રહેલી સીસું, પારો, કેડમિયમ અને ક્રોમિયમ જેવી હાનિકારક ધાતુઓ હવા કે પાણી કે મનુષ્યોના સંપર્કમાં આવીને નુકસાન કરી શકે છે. ધાતુઓ જમીનમાં ભળી પાણીને પ્રદુષિત કરે, ખુલ્લામાં રહે તો હવા પ્રદૂષિત થાય અને ભંગારમાં જાય તો તેની સાથે કામ કરતાં લોકોના સ્વાસ્થ્યને અસર કરે છે. ભંગારમાં જતા ઈ-વેસ્ટનો મોટેભાગે ગેરકાયદેસર રીતે પર્યાવરણને નુકસાનકર્તા પદ્ધતિઓથી નિકાલ થતો હોય છે. ભારતના વધતા જતા ઈલેક્ટ્રોનિક માર્કેટની સાથે ઈ-વેસ્ટ અંગે જાગૃતિ કેળવવી અને ઈ-વેસ્ટ મેનેજમેન્ટ જરૂરી બન્યું છે. ઈ-વેસ્ટ સામાન્ય કચરાની જેમ જ્યાં ત્યાં પહોંચી હાનિકારક પ્રદૂષણ ન ફેલાવે તે માટે ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ થાય તે જરૂરી છે. ત્યારે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ માટે એક પહેલ રૂપે ઈ-વેસ્ટ કલેકશન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. રેસકોર્સ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે તા.૩ અને ૪ જુનના દિવસે સવારે ૧૦ થી સાંજે ૬ સુધી ઈ-વેસ્ટ કલેક્શન કેમ્પમાં ઉપરોક્ત પ્રકારના ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવશે. નાગરિકો ઈ-વેસ્ટને ભંગાર કે કચરામાં ન આપીને અહીં જમા કરાવી શકશે. આ અંગે વધુ માહિતી માટે ૦૨૮૧-૨૪૪૯૯૪૦ ઉપર સંપર્ક કરી શકાશે તેમ લોક વિજ્ઞાન કેન્દ્રના નિયામક રમેશભાઈ ભાયાણી દ્વારા જણાવાયુ છે.

વિસાવદરનાં મુંડીયા રાવણીમાં જુગાર રમતા ૧૦ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩

વિસાવદર પોલીસનાં રાકેશભાઈ બાઉવેદભાઈ સહિતનાં પોલીસ સ્ટાફે વિસાવદર તાલુકાનાં મુંડીયા રાવણી ગામે જુગાર અંગે દરોડો પાડતાં મુંડીયા રાવણી ગામે જાહેરમાં જુગાર રમતા ચનાભાઈ વસવેલીયા, મુનેશભાઈ લુલાણી, રવજીભાઈ વારૈયા, વિજયભાઈ વાઘેલા, ભાવેશભાઈ સમાણવા, મહેબુબભાઈ શેખ, ધીરૂભાઈ જાલેરા, દિનેશભાઈ જાલેરા, બાપલુભાઈ વાળા, જેન્તીભાઈ વારૈયાને રોકડ રૂા. ૧૮૬૬૦ સાથે ઝડપી લઈ વિસાવદર પોલીસે જુગારધારા અંતર્ગત ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ : ખેત ઓજારો, સાધનોના વિવિધ ઘટકો માટે ૫ જૂનથી આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લું મુકાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

રાજય સરકાર દ્વારા ખેત ઓજારો/સાધનો, ટ્રેક્ટર, પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન) માલવાહક વાહન, ફાર્મ મશીનરી બેંક અને હાઈ-ટેક, હાઈ પ્રોડક્ટીવ ઈકવીપમેન્ટ હબ જેવા ઘટકોનો મહત્તમ ખેડૂતોને લાભ મેળવવા માટે ખેડૂતો માટે મળી રહે તે માટે તા.૫-૬-૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાથી **www.ikhedut.gujarat.gov.in** પોર્ટલ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ખુલ્લું મુકવામાં આવશે. ખેડુતોએ આ ઘટકોમાં સહાય મેળવવા માટે ઓનલાઈન અરજી કરવી.

ઓનલાઈન જાહેર નિવિદા નં.૦૩/૨૦૨૩-૨૪ જિલ્લા પંચાયત, ગીરસોમનાથ, કાર્યપાલક ઈજનેરશ્રી,પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ગીરસોમનાથ -૩૬૨૨૬૫ (બ્લોક-એ, બીજો માળ, મુ.ઈણાજ, વેરાવળ-તાલાલા રોડ, જિલ્લા પંચાયત-ગીર સોમનાથ) ફોન નં.૦૨૮૭૬-૨૮૫૩૫૨ દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ [illegible] કેટેગરી તથા અન્ય કેટેગરીઓ પાસેથી સરકારશ્રી ની યોજના અન્વયે કુલ કામ ૫ ની અંદાજીત રકમ રૂ. [illegible] લાખના કામ માટે ઈ-ટેન્ડર થી ભાવો મંગાવવામાં આવે છે. સ.ક્રમની વિગત નીચે મુજબ છે.તેમજ વિગતવાર માહિતી કચેરી ના નોટીસ બોર્ડ તેમજ [illegible] તથા [illegible] ઉપરથી જોઈ શકાશે.

ઓન લાઈન ટેન્ડર રજુ કરવાની તારીખ.	તા.[illegible]/૨૦૨૩ થી ૨૧/૬/૨૦૨૩ સમય ૧૮:૦૦ કલાકે
ડોક્યુમેન્ટ તેમજ અર્નેસ્ટમની ફીઝીકલ રજુ કરવાની તારીખ	ટેન્ડર ખોલવાની તારીખ થી ૭ દિવસમાં
ટેન્ડર ખોલવાની તારીખ	તા.૨૨/૬/૨૦૨૩

માહિતી/જૂના/૨૮૪/૨૦૨૩

જાહેર નિવિદા

આથી સને૨૦૨૩-૨૪ના વર્ષમાં ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ હેઠળની વિસાવદર રેન્જ હેઠળનાં કાર્યક્ષેત્રમાં ઘાંસ વાઢકામ, પ્રેસીંગ, વજન કરી લેબલ મારવા, વાહતુક, ગોદખામ / ગંજીમાં ગોઠવવાની કામગીરી, ઘાંસ બીજ એકત્રીકરણ, ફાયર લાઈન, ક્ન્ટ્રોલ બર્નીંગ, પ્રુનીંગ, સીંગલીંગ, પોલાડીંગ, સાઈડ કલીનીંગ, પ્લોટ સાફ-સફાઈ, બ્રશવુડ, લેન્ટેના / કુવાડીયા / આતરડી દુર કરવાની કામગીરી અને પ્લાન્ટેશનમાં ખાડા ખોદકામ, રોપા વાહતુક સાથે વાવેતર, નર્સરી ઉછેર તથા સંલગ્ન કામગીરી, કાચી વંડી, કાચા નાલા, બર્ડીંગ, ગલી પ્લગીંગ, ટ્રેન્ચ ખોદકામ, માર્કીંગ ખરડા તથા સંલગ્ન કામગીરી, કાચી વંડી, કાચા નાલા બાર્ડીંગ, ગલી પ્લગીંગ, ટ્રેન્ચ ખોદકામ, માર્કીંગ ખરડા તથા સંલગ્ન તમામ કામગીરી, વનતલાડી, ચેકેડેમ / તળાવ ડીસલ્ટીંગ જંગલમાંથી પસાર થતા કાચા રસ્તા રીપેરીંગ / સ્ટોન પેચીંગ કરવાની કામગીરી, ફૂટ ટ્રાન્જેક્ટ વગેરે કામગીરી કામો માટે ઓફલાઈન ટેન્ડર મારફત વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. જેથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલબંધ કવરમાં રૂબરૂ /રજી.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે. તે અંગેના ટેન્ડર કામ, ટેન્ડરની શરતો, ભરેલ ટેન્ડરો રજુ કરવા અંગેની સુચનાઓ તથા અન્ય માહિતી વિસાવદર રેન્જ કચેરી, મુ. વિસાવદર ખાતેથી રૂબરૂ મેળવી લેવી.

ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ / સમય	તા.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ ૧૫.૦૦ કલાક
ટેન્ડર ફોર્મ ફી (નોનરીફંડેબલ)	રૂા. ૧૫૦૦/- ડિમાન્ડ ડ્રાફ નાયબ વન સંરક્ષકશ્રી ગીર પશ્ચિમ વિભાગ જૂનાગઢના નામનો
ઈએમડી	એફ.ડી.આર. રૂા. ૧૦૦૦૦૦/- (નાયબ વન સંરક્ષક, ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ)ના નામનો
ટેન્ડર ભરીને આપવાનું સ્થળ	રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી વિસાવદર રેન્જ, સત્તાધાર રોડ, હનુમાન પરા, ફોરેસ્ટ કોલોની મુ. વિસાવદર
ટેન્ડર ભરીને મોકલવાની છેલ્લી તારીખ અને સમય	તા.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ ૧૬:૦૦ કલાક સુધી
ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	તા. ૧૨/૦૬/૨૦૨૩ ના રોજ ૧૦:૩૦ કલાકે

વધુ માહિતી માટે સંપર્ક :

રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી,
વિસાવદર રેન્જ વિસાવદર

રેન્જ ફોરેસ્ટ ઓફિસર
વિસાવદર રેન્જ વિસાવદર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ
રાજ્યના ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૫૦ કરોડ જનસંખ્યાને
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" હેઠળ

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

જૂન-૨૦૨૩ માસના વિનામૂલ્યે અનાજ (ઘઉં અને ચોખા)ના વિતરણની જાણકારી

ક્રમ	અનાજ	કેટેગરી	મળવાપાત્ર જથ્થો	ભાવ
૧	ઘઉં	અંત્યોદય કુટુંબો (AAY)	કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા.	વિનામૂલ્યે
૨		અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા.	
૩	ચોખા	અંત્યોદય કુટુંબો (AAY)	કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા.	વિનામૂલ્યે
૪		અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા.	

જૂન-૨૦૨૩ માસનું વિતરણ

તા: ૦૧/૦૬/૨૦૨૩ થી તા: ૩૦/૦૬/૨૦૨૩ સુધી ચાલુ રહેશે.

રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ તથા મીઠાના રાહત દરના વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

ક્રમ	આવશ્યક ચીજવસ્તુ	કેટેગરી	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા. રૂ.
૧	તુવેરદાળ	N.F.S.A. રેશનકાર્ડ ધારકો (અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબો)	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૫૦
૨	ચણા		કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૩૦
૩	ડબલ ફોર્ટિફાઈડ સોલ્ટ (મીઠું)	અંત્યોદય કુટુંબો, અગ્રતા ધરાવતા કુટુંબો અને બીપીએલ કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૧
૪	ખાંડ	અંત્યોદય કુટુંબો	૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા.	૧૫
૫		બીપીએલ કુટુંબો	વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા.	૨૨

MY RATION
"My Ration" મોબાઈલ એપ્લિકેશન

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે.

આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.

હવે, આ એપ્લિકેશનથી આધારકાર્ડ આપની મોબાઈલ નંબર રેશનકાર્ડ સાથે લીંક કરાવી શકો છો.

આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ ૨૦૨૩ નિમિત્તે રાજ્ય સરકારનો ખેડૂતો માટે મહત્ત્વનો નિર્ણય

ઉનાળુ બાજરી, જુવાર તથા રાગીની ટેકાના ભાવે ખરીદી પર
પ્રતિ ક્વિન્ટલ ₹. ૩૦૦ ના બોનસનો નિર્ણય.

ધાન્ય પાકનું નામ	ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ	પ્રતિ ક્વિન્ટલ બોનસ	ગુજરાત સરકારનો ખરીદીનો કુલ ભાવ
બાજરી	₹. ૨૩૫૦	₹. ૩૦૦	₹. ૨૬૫૦
જુવાર	₹. ૨૯૯૦	₹. ૩૦૦	₹. ૩૨૯૦
રાગી	₹. ૩૫૭૮	₹. ૩૦૦	₹. ૩૮૭૮

ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશનની મુદત તા.૧૦ જૂન સુધી લંબાવવામાં આવેલ છે.

ખેડૂત ખાતેદારોને ગ્રામ્ય સ્તરે ઇ-ધરા કેન્દ્રો ખાતે નોંધણી કરાવવા વિનંતી છે

હાલ ઘઉં તથા મકાઈની પણ ટેકાના ભાવે ખરીદી ચાલુ છે.

ટેકાના ભાવે ખરીદીની અંતિમ તારીખ ૧૫ જૂન ૨૦૨૩ છે, જેની સહુ ખાતેદારોને નોંધ લેવા વિનંતી છે.

લાભાર્થી પુરવઠાને લગતી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

'ઉદ્યોગ' વિનાના જૂનાગઢની હાલત ખાયા પીયા સબકુછ બાકી બચા કુછ નહી જેવી

જૂનાગઢને ઉદ્યોગ અપાવી દેવાની ક્ષમતા કે લાયકાત કોઈ કહેવાતા નેતામાં ન હોવાની પ્રજાની ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૩

ગુજરાત રાજયનું મહત્વનું શહેરઅને ઐતિહાસિક રીતેપણ દેશભરમાંપ્રખ્યાત એવાજૂનાગઢ શહેરની હાલતખુબ જ વિસમ છે. પ્રવાસનની દ્રષ્ટીએ જૂનાગઢનો દબદબો છે પરંતુ કોઈ મોટા ઉદ્યોગ ન હોવાના કારણે આ શહેરની હાલત ખાયા પીયા સબકુછ બાકી બચા કુછ નહી જેવી હાલત છે. ત્યારે જૂનાગઢ શહેર જીલ્લાનાં કહેવાતા નેતાઓ જાગતા હોવા છતાં વર્ષોથી કુંભકરણની નિંદ્રામાં પોઢેલા જૂનાગઢના કહેવાતા જાગૃત લોકો, આગેવાનો, ધારાસભ્ય, સંસદ સભ્ય, કોર્પોરેટરો અને મહાનગરપાલિકામાંસત્તા સ્થાને બેઠેલા શાસકો હવે તો તમેજાગો કે આશહેરનો કોઈ મોટોઉદ્યોગ અપાવીશકેતેવા કોઈ જાગૃતનેતા છે ખરા ? જો એક મોટો ઉદ્યોગ શહેરમાં સ્થપાય તો જેને લઈને પાંચ થી દસ હજાર લોકો રોજગારી મેળવી શકે. અને જૂનાગઢ શહેર જીલ્લાનું જીવનધોરણ ઉંચુ આવી શકે તેમ છે.

સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ જીલ્લાઓની પરિસ્થિતિ જોઈએ તો કોઈને કોઈ ઉદ્યોગ એવો હશે કે જેને કારણે અનેક લોકોને રોજગારી મળી શકે. જામનગરમાં રિલાયન્સ આવ્યા બાદ અનેક લોકોને રોજગારી મળી શકી છે અને જામનગર જીલ્લાનો સંપુર્ણ વિકાસ થઈ રહ્યો છે. રાજકોટમાં જુદા-જુદા ઔદ્યોગિક એકમોને કારણે લોકોને નિશ્ચિતરૂપે રોજગારી મળી શકે છે. જયારે ગુજરાત અને દેશમાં પણ પ્રખ્યાત એવા ઐતિહાસીક શહેર જૂનાગઢ શહેરની વિસમજનક પરિસ્થિતિ છે. પ્રવાસનની દ્રષ્ટીએ મહત્વના આ શહેરમાં અનેક તીર્થ સ્થાનો, ભવનાથ વિસ્તાર, ગરવો ગિરનાર, રોપવે તેમજ વિવિધ ધાર્મિકસ્થળોને લઈનેપ્રવાસીઓ અહીં મુલાકાતે આવતા હોય છે અને જેને લઈને જૂનાગઢમાં વિવિધ વ્યવસાયકારોને નાની-મોટી રોજગારી મળી રહેતી હોય છે પરંતુ ખાસ બાબત એ છે કે, આ મળતી રોજગારીમાં ખાયા પીયા સબકુછ બાકી બચા કુછ નહી જેવો ઘાટ સર્જાયો છે તેવી આમજનતાની વ્યાપકફરિયાદો છે.

રાજકિય દ્રષ્ટીએ જોઈએ તો જૂનાગઢ મહાનગરપાલિકામાં વર્ષોથી ભાજપનુંરાજ છે. સાંસદ ભાજપના, હાલ ધારાસભ્ય ભાજપના, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત ભાજપના કબ્જામાં અને ગુજરાતના મુખ્યમંત્રી ભાજપના, દેશના વડાપ્રધાન ભાજપના આમ મોસાળે જમણ અને મા પીરસનાર જેવો ઘાટ થયો છે. કહેવાનો મતલબ એવો છે બે દાયકાથી વધુ સમયથી ભાજપનું શાસન છે. બધી જ પરિસ્થિતિ અનુકુળછે તેમ છતાં આંખે પાટા બાંધીને ગાંધારીની માફક ફરી રહેલા જૂનાગઢના કહેવાતા જાગૃત નાગરિકો, પ્રજાના પ્રતિનિધિઓ અખબારોમાં ફોટા પડાવવા અને પોતે આટલી કામગીરી કરી છે તેવા ગુણગાન ગાવામાંથી ઉંચા આવતા નથી અને અન્યએક વર્ગ એવો છે કે સવાર, બપોર અને સાંજ પ્રેસનોટો જ લખ્યા રાખે. જયારે કેટલાક જાગૃત નાગરિકો એવા છે કે જે પોતાની જાતને પ્રજાના હિત ચિંતકો ગણાવી રહ્યા છે તેવો પ્રજાને ગુમરાહ કરવાની કામગીરી સિવાય બીજુ કંઈ ઉકાળી શકતા નથી. આમ જૂનાગઢને કોઈ સારો ઉદ્યોગ અપાવી શકે તેવો કોઈ નેતા પ્રજાની દ્રષ્ટીમાં હાલ કોઈ નથી તેવી વ્યાપક ફરિયાદ ઉઠી છે. અને લોકોમાંથી એક એવો પણ સવાલ ઉઠી રહયો છે કે શું તેનાં માટે હજુ ૫૦ વર્ષની રાહ જોવી પડશે ?

તમામ નિયમોને નેવે મુકી

ગુજરાતની કેટલીક ખાનગી યુનિવર્સીટી 'આડેધડ' ફી વસુલતી હોવાની વાલીઓની ફરીયાદ

ગુજરાતમાં ૨૯ સરકારી અને ૮૩ ખાનગી યુનિવર્સીટીઓ કાર્યરત : ખાનગી યુનિવર્સીટીઓમાં બાળકોને ભણાવવાનાં હોય તો લોન લેવી પડે તેવી સ્થિતિ

COLLEGE
UNIVERSITY

રાજકોટ તા. ૩

નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહયું છે અને વિદ્યાર્થીઓ જુદા જુદા અભ્યાસક્રમોમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ પ્રક્રિયામાંથી પસાર થઈ રહયા છે. અગાઉ જે ભણતર સાવ સામાન્ય ફીમાં ભણી શકાતું હતું તે ભણતર મેળવવા માટે મસમોટી ફી વિદ્યાર્થીઓએ ભરવી પડે છે. અને વાલીઓને પોતાનો દિકરો કે દિકરીને ઉચ્ચ અભ્યાસ માટે સારી કોલેજમાં અને ખાસ કરીને જે રોજગારીનું નિર્માણ કરી શકે તેવા અભ્યાસક્રમમાં જો પ્રવેશ મેળવવો હોય તો ફરજીયાત વર્ષે જુદી જુદી ફેકલ્ટીનાં દાખલા તરીકે એમબીએ, સીએ, બીસીએ, એન્જીનીયરીંગ, તબીબ સહિતનાં અભ્યાસક્રમોની મોંઘીદાટ ફી ભરવા માટે વાલીઓને લોન લેવી પડે તેવી સ્થિતિનું હાલ નિર્માણ થયુંછે. પોતાનું બાળક ગમે તેટલું તેજસ્વી હોય પરંતુ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં જો તેને દાખલ કરવો હોય તો તેવી ફીનું નબળા વાલીઓ માટે શકય નથી. સરકાર વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ આપે છે. પરંતુ એ સ્કોલરશીપ અમુક રકમ પુરતી જ હોય છે. દા.ત. બીબીએ, એમબીએની ફીનું ધોરણ એક વર્ષનું દોઢ થી બે લાખ રૂપિયા જેવું થતું હોય છે એક વર્ષનું એટલે આ અભ્યાસક્રમ પુરો કરતા વિદ્યાર્થીઓને રૂા. ૬ થી ૭ લાખ ખર્ચ થતો હોય છે. આવા સંજોગોમાં વાલીઓ પોતાનાં બાળકોને ઉચ્ચ અભ્યાસ મેળવવા માટેની ફી કયાંથી ભરી શકે ? તો બીજી તરફ ગુજરાતની કેટલીક ખાનગી યુનિવર્સીટી કે જયાં નિયમોનું કોઈપણ પાલન થતું નથી. ત્યાં આડેધડ ફી વસુલવામાં આવતી હોવાની પણ અનેક ફરીયાદો છે. સરકારી અને ખાનગી યુનિવર્સીટીઓમાં ફીનો તફાવત ખુબ જ મોટો છે. ત્યારે આ બાબતે યોગ્ય કાર્યવાહી થાય તેવી લાગણી પ્રવર્તી રહીછે.

૧૫ જુનથી કોલેજો ખુલે તે પૂર્વે સૌરાષ્ટ્ર-ગુજરાતની કેટલીક ખાનગી યુનિવર્સીટીઓએ 'શિક્ષણની દુકાન' ખોલી છે તેવી વાલીઓમાંથી ફરીયાદ ઉઠી છે. ચર્ચાતી વિગત અનુસાર સરકારી અને ગ્રાન્ટેડ કોર્સ માટે ફી રેગ્યુલેટરી કમીટી છે. પરંતુ ખાનગી યુનિવર્સીટીઓ ઉપર એફઆરસીનુંકોઈ નિયંત્રણ નહીં હોવાનાંકારણે લાખો રૂપિયાની ફીનાં ઉઘરાણા ચાલી રહયા છે. ગુજરાતની કેટલીક યુનિવર્સીટીઓમાં વિદ્યાર્થીઓની હાજરી, પરીક્ષા મુદે શું થાય છે તેની કોઈને જાણ નથી. સરકાર સત્વરે અન્ય રાજયની માફક ગુજરાતમાં પણ ખાનગી યુનિવર્સીટીઓ માટે એફઆરસી બનાવે તે અત્યંત જરૂરી છે. આજે સ્થિતિ એવી છે કે ખાનગી યુનિવર્સીટીમાંથી બીએ, બીસીએ, બીકોમ કરવુંહોય તો પણ વાલીએ લોન લેવી પડે છે. જે રીતે સ્કુલ શિક્ષણમાં આરટીઈ છે તેવી જ તે ઉચ્ચશિક્ષણમાં પણ આરટીઈની જરૂર ઉભી થઈ છે. રાજયમાં ૧૧૨ યુનિવર્સીટીઓ છે તેમાં ૨૯ સરકારી અને ૮૩ ખાનગી યુનિવર્સીટી છે.

નેશનલ ફી કમિશને એવી સિલીંગ આપી છે કે આ કોર્સ હોય અને સીટી એરીયા હોય તો આટલી ફી વસુલવી. આ કોર્સ હોય અને રૂરલ એરીયા હોય તો આટલી ફી વસુલવી. પરંતુ મોટાભાગની ખાનગી યુનિવર્સીટી અને કોલેજોઆ સિલીંગને ઘોળીને પી ગઈ છે. જનરલ સ્ટ્રીમ એટલે કે બીકોમ, બીબીએ, બીએ, બીએસસી, બીસીએ, એલએલબી, ઈન્ટીગ્રેટેડ કોર્સમાં એફઆરસીનું કોઈ નિયંત્રણ જ નથી. તો જયાં એફઆરસીનું નિયંત્રણ છે તેવા કોર્સમાં સંચાલકો ગરબડ કરીને ફી વસુલે છે. ધારો કે કોઈ કોલેજ પાસે ૧૦૦૦ વિદ્યાર્થી છે અને તેનાં ખર્ચ સહિતનાં હિસાબોનાં આધારે એક લાખ ફી નકકી થાય છે. બાદમાં સંચાલકો કોર્સ વધારી વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦૦૦ કરી નાંખે છે. હવે વિદ્યાર્થી વધે તો ખર્ચ ઘટતા ફી ઘટવી જોઈએ તેનાં બદલે સંચાલકો એટલીને એટલી ફી વસુલે છે. કેમ્પસ વધતું નથી, ફી વધે છે. ખાનગી યુનિવર્સીટીઓ નોન એફઆરસી કોર્સ શરૂ કરે છે જેમાં એફઆરસીની ફીની મંજુરી લેવી પડતી નથી. આવા કોર્સની ફી વર્ષની ૪ લાખથી માંડીને ૬ લાખ રાખે છે. આ કોર્સમાં પ્રવેશની લાયકાત કોઈપણ ગ્રેજયુએટની રાખે છે. બાદમાં એસસી-એસટી વિદ્યાર્થીનાં ડમી એડમીશન કરે છે. જયારે સરકારં બીલ રજુ કરે ત્યારે તે બીલ સ્વાભાવિક રીતે કરોડોમાં હોવાનું. ફાર્મ ડી કોર્સની ફી ૧૦ લાખથી વધુ ફી વસુલતી કોલેજો છે.

દરમ્યાન એક શિક્ષણવિદે જણાવ્યુંહતુંકે ગુજરાતમાં મુશ્કેલી એછે કે ખાનગી યુનિવર્સીટી માટે અરજી કરવાની પાત્રતા અને યોગ્યતા બિલકુલ હળવી છે. આવી યુનિવર્સીટીઓમાં વિદ્યાર્થીની સંખ્યા, પરીક્ષા, અધ્યાપકોની ગુણવત્તા કેવી છે ? તે કોઈ તપાસતું નથી. સરકારી યુનિવર્સીટીઓ બીકોમ, બીબીએ, બીસીએ, બીએસહિતનાં જે કોર્સ ભણાવે છે તે જ કોર્સ ખાનગી યુનિવર્સીટીઓ પણ ભણાવે છે. આ યુનિવર્સીટીઓએ નવા કોર્સ લાવવાનાં હતા, તે તો લાવ્યા જ નથી. આવી યુનિવર્સીટીમાં કવોલીફાઈડ ટીચર્સ જ નથી. આવી યુનિવર્સીટીઓને હવે રૂક જાવ કહેવાનો સમય આવી ગયો છે.

સ્વ. ધારાબેન કડીવારને ન્યાય અપાવવા માટે જૂનાગઢમાં સમસ્ત કોળી સમાજ દ્વારા આવતીકાલે અગત્યની બેઠક

ધારાબેનના હત્યારાઓને કડક સજા કરવામાં આવે તેવી માંગણી સાથે સરકાર પાસે રજુઆત કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૩

જૂનાગઢ સમસ્ત કોળી સમાજની દિકરી સ્વ. ધારાબેન કડીવારને ન્યાય અપાવવા માટે સમસ્ત કોળી સમાજ દ્વારા આવતીકાલે એટલે કે રવિવારે એક અગત્યની બેઠક બોલાવવામાં આવી રહી છે. ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ જોષીપરા જૂનાગઢ ખાતે કોળી સમાજના મુખ્ય આગેવાનોની બેઠક આવતીકાલ તા.૪-૬-૨૦૨૩ રવિવારના રોજ સાંજે ૪:૩૦થી ૫:૩૦ સુધી રાખવામાં આવશે અને આ બેઠકમાં કાળુભાઈ કડીવાર, જેઠાભાઈ જોરા, મનદીપભાઈ મકવાણા, બટુકભાઈ મકવાણા, પંકજભાઈ ભરડા, અશોકભાઈ મકવાણા, રમેશભાઈ બાવળીયા, જીતેન્દ્ર રાનેરા, મોહનભાઈ માંડવીયા, કે.ડી. સગારકા, વાલજીભાઈ મેર, કાનાભાઈ ઘરસંડા, કાનાભાઈ ચૌહાણ, સમજુભાઈ સોલંકી વિગેરે સહિતઆગેવાનો ઉપસ્થિત રહેશે. આવતીકાલે યોજાનારી આ બેઠકમાં વિવિધ ચર્ચા અને નીર્ણયો કરવામાં આવશે. આ અંગે એક આવેદનપત્ર પણ આગેવાનો દ્વારા પાઠવવામાં આવેલ છે. ખાસ કરીને જૂનાગઢ સમસ્ત કોળી સમાજની દિકરી સ્વ. ધારાબેન કડીવારને ન્યાય અપાવવાની માંગણી કરવામાં આવી રહી છે અને તેમાં કેસની ટ્રાયલ ઝડપી ચાલે તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવે, ધારાબેન કડીવારના કેસની ટ્રાયલ ચલાવવા માટે સરકારી વકિલની અલગથી નિમણુંક કરવામાં આવે, આરોપી સુરજ ભુવા અને તેની ગેંગના શીકંજામાં આવેલ અંધશ્રધ્ધાથી ફસાઈ ગયેલા લોકો જે આ ગેંગના ભયના કારણે બહાર આવેલા નથી તેવા પિડીત લોકોને પોલીસ રક્ષણ આપી આ ગેંગ દ્વારા રાજયમાં કેટલા ગુનાઓ આચરવામાં આવેલ છે તેની તપાસ ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીની નિમણુંક કરી વિજીલન્સ ટીમ દ્વારા તમામ ગુનાઓનો પર્દાફાસ કરી આ ગેંગ દ્વારા ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવામાં આવે, ધારાબેનના હત્યાઓને કડક સજા કરવામાં આવે તેવી માંગણી સમસ્ત કોળી સમાજ દ્વારા કરવામાં આવી રહી છે અને આવતીકાલે મુખ્ય આગેવાનો જે બેઠક યોજવામાં આવી રહી છે તેમાં આ માંગણીઓ સરકાર પાસે પહોંચાડવા બાબતની ચર્ચા કરવામાં આવશે અને આ બેઠકમાં સમસ્ત કોળી સમાજના આગેવાનોને ખાસ ઉપસ્થિત રહેવા એક યાદીમાં જણાવેલ છે.

જૂનાગઢના તમામ મિલ્કત ધારકોની ચિંતા દૂર કરવા પુર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યની રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

રાજયના પુર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યને મિલ્કત ખરીદયાના ૧૦-૧૦વર્ષ સુધી પ્રોપ્ટી કાર્ડ સંબંધીત વિભાગ દ્વારા આપવામાં આવ્યું નહતું અને આ અંગે અહેવાલ પણ મુકવામાં આવ્યા હતા. દરમ્યાન હેમાબેન આચાર્યએ તમામ મિલ્કત ધારકોની ચિંતા દુર કરવાની લાગણી વ્યકત કરીછે. રાજયના પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યે લીધેલી મિલકતનું પ્રોપર્ટી કાર્ડ દાયકાઓ સુધી ન નીકળતા તેમની વ્યથાને વાચા આપી હતી. જે અંગે હેમાબેન આચાર્યએ જણાવ્યું હતુંકે, અખબારમાં સમાચાર પ્રસિદ્ધ થતા ગાંધીનગર સુધી પડઘા પડ્યા હતા અને અધિકારીઓના ફોન આવ્યા, રૂબરૂ પણ આવ્યા અને ક્હ્યું કે, અમે પ્રોપર્ટી કાર્ડ કાઢી આપીએ તાત્કાલિક. આ તો મારૂ કામ થયું, કારણ કે મારી વગ હશે અથવા મેં એક નેતા તરીકે વાત કરી હતી. પણ આ પ્રશ્નનો નિકાલ ત્યારે આવ્યો ગણાશે જયારે પોતાની મિલ્કતના પ્રોપર્ટીકાર્ડ માટે વર્ષોથી દોડતી જનતાના આ પ્રશ્નો હલ થાય. સરકારે આ દિશામાં તત્કાળ પગલાં ભરવા જોઈએ. આ મહત્વનો પ્રશ્ર છે પણ સ્થિતિ એવી છે કે લેન્ડ રેકર્ડ ઓફિસમાં કર્મચારીઓ નથી. અધિકારી પાસે અનેક જિલ્લાનો ચાર્જ છે જેથી એ શું કરી શકે ? સરકારે ભરતી કરીને કર્મચારીઓ મુકવા જોઈએ જેથી બેરોજગારોને નોકરી પણ મળે અને જનતાના કામ થાય. જો માત્ર મારૂ કામ થાય તો તેનો કોઈ અર્થ નથી. સરકારે આ દિશામાં આગળ વધીને જનતાની પરેશાની પણ દૂર કરવી જોઈએ તેવી લાગણી હેમાબેન આચાર્યએ વ્યકત કરી હતી.

જૂનાગઢમાં આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આવતીકાલે પૂનમના દિવસે ધ્વજારોહણ સહિતના વિવિધ કાર્યક્રમો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૩

ભાવિકોની જયાં આસ્થા રહેલી છે તેવા જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આવતીકાલે પૂનમના દિવસે સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. ભગવાન સ્વામીનારાયણના સ્વહસ્તે પધરાવેલા દેવો જયાં બિરાજમાન છે તેવા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો ભક્તજનોની મનોકામના પુર્ણ કરે છે. પૂનમના દિવસે અહીં ભાવિકોને ભારે ઘસારો રહે છે. આવતીકાલે સવારથી જ પૂજન, અર્ચન, આરતી, ધ્વજારોહણ સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે અને ભાવિકો દર્શનનો લાભ લેશે. ચેરમેન દેવનંદન સ્વામીજી, મુખ્ય કોઠારી પ્રેમસ્વરૂપદાસજી તેમજ પી.પી. સ્વામી સહિતના સંતો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને ભાવિકોને પણ દર્શનનો લાભ લેવા પ્રફુલભાઈ કાપડીયા દ્વારા અનુરોધ કરાયો છે.

કેશોદમાં લગ્ન કરાવી દેવા દબાણ કરી ફોટો વાયરલ કરવાની ધમકી સાથે માંગણી કરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદતા.૩

કેશોદમાં બનેલા એક બનાવમાં પ્રેમ સંબંધમાં પ્રેમીએ યુવતીના પરિવારજનોને લગ્ન કરાવી દેવાનું દબાણ કરી અને યુવતીનો ફોટો વાયરલ કરવાની ધમકી આપી રૂા.૧૦ લાખની રકમની માંગણી કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. કેશોદ પોલીસે આપેલી વિગત અનુસાર કેશોદ ખાતે રહેતા શિવાંગીબેન દેવાણીએ ચિરાગ જીતુભાઈ કારીયા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપી અને ફરિયાદી વચ્ચે પ્રેમ સંબંધ હોય અને બંને ફોનમાં વાતો કરતા હોય ત્યારે આ કામના આરોપીએ ફરિયાદી ઉપર શંકાકુશંકા કરતા ફરિયાદીએ સંબંધ રાખવાની ના પાડતા ફરિયાદીને આરોપીએ બિભત્સ શબ્દો કહી રૂબરૂ મળી અને ઢીકાપાટુનો માર મારી તેમજ ફરિયાદીનો ફોટો વાયરલ કરવાની ધમકી આપી ફરિયાદીના પરિવારના સભ્યોને લગ્ન કરાવી દેવા દબાણ કરી તેમજ રૂા.૧૦ લાખની માંગણી કરી અને ફરિયાદી યુવતીની પાછળ-પાછળ જઈ પીછો કરી છેડતી કરી અને ફરિયાદીને મારી નાખવાની ધમકી આપવામાં આવતી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાયેલ છે. આ બનાવ અંગે કેશોદના પીએસઆઈ પી.કે. ગઢવી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.